॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ॥

# ॥ અધ્યાત્મ ॥

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**

**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની

**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર

**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.966 466 9052

**મુદ્રણ :** વૃન્દા ભૂપેન્દ્ર પટેલ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં, ડી.કે.પટેલ હૉલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'

ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ ૮-૦૦। આજીવન **૨૫૧/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। આજીવન **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯

## ॥ ગુરુ તમને જગાડીને જ રહેશે ॥

જ્યારે કોઈ સાધારણ નિદ્રામાંથી પણ જગાડે છે ત્યારે તમને લાગે છે એ મિત્ર નહિ, શત્રુ છે. મનને આળસ એટલી પ્રિય હોય છે કે જે તમને ઢંઢોળે, જગાડે તે અણગમતા બને છે. વળી તમે સાંત્વનાની તલાશ કરો છો, સત્યની નહિ. પણ જે ગુરુની પાસે તમને ગાઢ નિદ્રા મળે ત્યાંથી ભાગજો. જે તમને જગાડવા-મિટાવવા તૈયાર નથી, એનાથી બચજો.

જિસસનું એક વચન છે : 'લોકો કહે છે હું શાંતિ લાવ્યો છું. પણ હું તમને કહું છું; હું તલવાર લઈને આવ્યો છું.' હવે આપણે તો એ જિસસને જાણીએ છીએ જે કહે છે : 'કોઈ તમારા ગાલ પર એક તમાચો મારે તો તમે બીજો ગાલ ધરી દેજો.' તો પછી એની તલવાર કેવા પ્રકારની હશે ? એ તલવાર 'ગુરુની તલવાર' છે. તે તમને કાપી નાખશે પણ તમે મરશો નહિ. ગુરુ તમને જલાવી દેશે તોય તમારો કચરો જ બળશે, તમારું સુવર્ણ નીખરીને બહાર આવશે.

દરેક ગુરુના હાથમાં તલવાર છે. તમારી નિદ્રા પણ જડ, પુરાણી છે. એમાં તમારા લોભ, મોહ, રાગ બધું સંકળાયેલું છે. તમારું ભવિષ્ય, સ્વર્ગ-મોક્ષની લાલચ બધું આ નિદ્રામાં પગપેસારો કરી ચૂક્યું છે. અને ધ્યાન રાખજો કે તમારી નિદ્રા તૂટશે તો તમારો સંસાર જ છૂટશે એમ નથી. જેને તમે કાલ સુધી પરમાત્મા જાણ્યો હતો એ પણ છૂટી જશે.

ગુરુ પાસે પહોંચતાં તમારાં શાસ્ત્ર, ધર્મ, મંદિર, મસ્જિદ, તમારું બધું જ અરે ! ખુદ તમે છિનવાઈ જશો. તમારાં ભજન-કીર્તન, નામસ્મરણ, મંત્ર બધું જ એ છીનવી લેશે જેથી નિદ્રાનો-સૂવાનો કોઈ ઉપાય જ ન રહે. શ્રીકૃષ્ણે અર્જુનને કહેલા 'સર્વધર્માન્ પરિત્યજ્ય મામ એક શરણં વ્રજ' બસ મારા શરણમાં આવી જા. દોહરાવશે ને તમારે જાગવું જ પડશે, પૂરી રીતે જાગવું પડશે જેથી તમે જાણી શકો કે તમે કોણ છો ?

**—'એક ઝેનકથા'ના આધારે**

॥ ૐ યોગેશ્વરાય નમઃ ॥
॥ ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

# ॥ સદ્‌ગુરુ-વિશેષાંક ॥

‘કબીરા ખડા બાજારમેં માગે સબકી ખૈર,
નહીં કિસીસે દોસ્તી, નહીં કાહુસે બૈર.
ના કાહુસે બહસ, જ્ઞાનકી અલખ જગાવે,
ભૂલા ભટકા જો હોય, રાહ તાહી બતલાવે.
બીચ સડક કે માંહિ, જૂઠકા ફોડે ભંડા,
બિન પૈસા, બિન દામ, જ્ઞાનકા મારે દંડા.’

**–કબીરજી**

**(માનવધર્મની તેજસ્વી જ્યોત)**



# અનુક્રમ


| | | |
|---|---|---|
| નિવેદન | | ૫ |
| ૧. શ્રીયોગેશ્વરકથામૃત | શ્રી ‘મા’ સર્વેશ્વરી | ૬ |
| ૨. ‘ગુરુ એ ઈશ્વરનો અવતાર’ | શ્રી યોગેશ્વરજી | ૧૨ |
| ૩. સંતનું સ્વરૂપ | સંકલન | ૧૫ |
| ૪. સંત-મહિમા | ” | ૧૭ |
| ૫. સંતભાવની પ્રાપ્તિનાં સાધન | ” | ૧૯ |
| ૬. સંતભાવની પ્રાપ્તિમાં વિઘ્ન | ” | ૨૦ |
| ૭. સાવધાન થઈ જાઓ ! | ” | ૨૧ |
| ૮. ગુરુ વ્યક્તિ નથી, તત્ત્વ છે. | શ્રી તરલા દેસાઈ | ૨૪ |
| ૯. શ્રદ્ધા : આત્મામાં રહેલી નિશ્ચિતતા | સંકલન | ૩૭ |
| ૧૦. જીવનનું લક્ષ્ય : શુદ્ધીકરણ | સંકલન | ૪૧ |
| ૧૧. શ્રી‘મા’ની શ્રીકલમે સદ્‌ગુરુની છબી | ‘શબ્દસંનિધિ’ | ૪૫ |
| ૧૨. ગુરુ | શ્રી રમણ મહર્ષિ | ૪૮ |
| ૧૩. સંતોની પરિપક્વતા | શ્રી વિમલા ઠકાર | ૫૪ |
| ૧૪. આપણું ધન : ‘આરાધન’ | શ્રી અર્પિતા જોશી | ૫૭ |
| ૧૫. ‘સ્વર્ગારોહણ’માં દૂધ અભિષેકનું મંગલપર્વ | ” | ૫૯ |
| ૧૬. ‘સ્વર્ગારોહણ’નાં પ્રત્યગ્ન(તાજાં) પુષ્પો | સંકલન | ૬૧ |

**નિવેદન :** 'સતગુરુ કી મહિમા અનંત, અનંત કિયા ઉપકાર'

વૈજ્ઞાનિક રીતે પૃથ્વી ન્યૂટનના ગુરુત્વાકર્ષણના સિદ્ધાન્તને આધારે ટકી રહે છે. ધાર્મિક માન્યતા પ્રમાણે શેષનાગની ફણા ઉપર ટકી રહે છે. પરંતુ વસ્તુતઃ તે 'સંતોના તપને કારણે' ટકી રહે છે.

સંતો દ્વારા જનજાગૃતિનું અદ્ભુત કાર્ય થતું રહે છે. માનવજીવનની ક્ષણભંગુરતા સામે ચેતવણી ઉચ્ચારી તેઓ માનવજન્મ સાર્થક કરવાની ચાવી આપે છે.

લોકશિક્ષણની સમાંતરે અલખના નામની ધૂણી જગાવી, સગુણમાં નિર્ગુણ, નિર્ગુણમાં સગુણ છે એ સમજાવી, તમામ વાદવિવાદ ટાળે છે. શરીરમાં રહેલા અશરીરી તત્ત્વનો મહિમા સમજાવી, નાશવંત પદાર્થો પાછળ દોટ મૂકવાને બદલે અવિનાશીની તલાશ કરવા કહે છે.

સંતો હરીફરીને એક જ વાત કહે છે : 'એક નામ, એક શબ્દ, એક મનપસંદ કાર્ય, મનગમતું સાધન પકડી લો. 'તેરા સાંઈ તુજમેં' છે; એને શોધી લો. અથવા સદ્ગુરુ પાસેથી મંત્ર લઈ, એને ગુંજવા દો રોમેરોમમાં, હાલતાં ચાલતાં, વ્યવહરતાં, લગન, ધ્યાન, લક્ષ્ય એ એક જ શબ્દ તરફ ખેંચાયેલ રહેશે તો છેલ્લા શ્વાસ સુધી તે તમને સાથ આપશે.'

મનુષ્ય પરમાત્મા વિના ખાલી છે, ભયંકર રીતે ખાલી છે, આ ખાલીપો ભરવાના હજાર હજાર ઉપાયો કરીએ. પદ, પ્રતિષ્ઠા, ધન એને ભરી શકતાં નથી. બહારની કોઈ વસ્તુ ભીતરના ખાલીપાને ભરી શકતી નથી. 'ભીતરની સંપદા'ની જેવી અનુભૂતિ થઈ જાય તો રહીમની જેમ તમે બોલી ઊઠશો : 'પ્રીતમ છબી નૈનન બસી, ઑર છબી કહાઁ સમાય ?'



# ॥ શ્રી યોગેશ્વરકથામૃત ॥

## દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ–દિન ૧૦૫

**તા. ૧-૩-૮૩, મંગળવાર, ફાગણ વદ બીજ સં. ૨૦૩૯**

**ડરબનથી જોહાનિસબર્ગ**

આજે જોહાનિસબર્ગ જવાનું નક્કી છે. ત્યાંથી આવતી કાલે દક્ષિણ આફ્રિકાનો જાણીતો ક્રુગર નેશનલ પાર્ક જોવા માટે જવાનું છે. શ્રી મગનભાઈના આગ્રહને, કુદરતના સાંનિધ્યમાં થોડા દિવસ આનંદ માણવાની દૃષ્ટિએ અમે મંજૂર રાખ્યો.

ચાર-પાંચ દિવસની એ યાત્રામાં દશબાર ટુકડા સુખડી, થોડો ચેવડો ને થોડી ચણાની દાળ હોવાં જરૂરી લાગ્યાં, જે આજે અમે બનાવી લીધાં.

ખીચડી-શાકનું ભોજન લઈ, બે વાગ્યે ઍરપોર્ટ ઉપર જવા નીકળ્યાં ત્યારે ઘરનાં સૌએ ભાવથી પ્રણામ કર્યા.

આજે તો વળી, ભોજન બનાવતી વખતે પૂ.શ્રી દરરોજની જેમ જ્યારે રસોડામાં આવે છે ત્યારે ઘરની નાની છોકરી વીણા સાથે તેઓશ્રી વાતો કરે છે. વીણા આજકાલ પૂ.શ્રીનું 'અનંત સૂર' પુસ્તક વાંચે છે. 'પ્રભુનાં બે રૂપ' એ પ્રકરણ તેને ખૂબ ગમ્યું હતું. 'આપ મને એ પ્રકરણનું અંગ્રેજી કરી આપો તો હું એનો ચાર્ટ બનાવીને મારા ઓરડામાં મૂકવા માગું છું.' — એવી પૂ.શ્રી એ સામે થયેલી માગણી બાબતે પૂ.શ્રી વાતો કરે છે. અંતે પૂ.શ્રીએ પ્રકરણ ગુજરાતી પરથી અંગ્રેજી કરીને બોલે છે, જે વીણા લખી લે છે. તેને ખૂબ જ આનંદ થયો. ભગવાન શંકર તેના આરાધ્ય દેવ છે. તેથી તેણે શંકરની સ્તુતિ, ભજન વગેરેની એક-બે કેસેટોની મારી પાસે માગણી પણ કરી.

ભોજન બાદ ઍરપોર્ટ ઉપર આવી ગયાં. શ્રી રતિભાઈની ગાડીમાં જ, જ્યાં પણ જવાનું હોય ત્યાં જવાનું બન્યું છે. આજે પણ તેમ જ થયું.

સાડા ત્રણ વાગ્યે પ્લેનમાં બેઠાં. પ્લેન આખુંયે ભરાયેલું હતું.

એક કલાકમાં તો જોહાનિસબર્ગના ઍરપોર્ટ ઉપર ઊતરી ગયાં.

શ્રી સત્યસાંઈબાબા સૅન્ટરના સંચાલક શ્રી જેકશન ઉર્ફે જ્યોતિર્ધર પોતાની નવી ગાડી લઈને પૂ.શ્રીને આવકારવા આવ્યા હતા. તેઓ પુષ્પહારથી અમારા બન્નેનું સ્વાગત કરે છે. શ્રી હસવતભાઈ, શ્રી જયવતીબેન, શ્રી જ્યોતિર્ધરનાં પત્ની તથા નિહારીકા રવિયા બીજાં એક બહેન પણ હાજર હતાં.

સામાન લઈ બહાર નીકળ્યાં. શ્રી જ્યોતિર્ધરને આજે ખૂબ આનંદ હતો. તેમનાં ધર્મપત્ની કહેતાં હતાં કે, આજે તો જ્યોતિર્ધરને જાણે પોતાના પિતાજી જ આવવાના હોય એટલો આનંદ છે. તેઓએ ગઈ રાતે પૂરી ઊંઘ પણ લીધી નથી.

પ્રવચનો વિષે વાત નીકળતાં શ્રી જ્યોતિર્ધરે જણાવ્યું: આપનાં પ્રવચનો સાંભળ્યા પછી બીજા કોઈ પણ સંતોના પ્રવચનો અધૂરાં લાગે. તમારાં પ્રવચનો સાંભળ્યા પછી બીજાનાં પ્રવચનો સાંભળવાનાં રહેતાં જ નથી. મહાત્માજી ! આપ અમારી નવી ગાડીમાં બેઠા તેનો તો મને ખૂબ જ આનંદ છે. આપનો એ બદલ પણ ખૂબ આભાર.

ઉતારો ઍરપોર્ટથી એક કલાકના માર્ગે હતો. તેથી માર્ગમાં વાતો થાય છે. શ્રી જ્યોતિર્ધર પોતે ભારત આવનાર છે ત્યારે મહાત્માજી ક્યાં ને ક્યારે મળશે તેની માહિતી માગે છે.

અમારા પ્રેમી અને ભાવનાશીલ યજમાન શ્રી મગનભાઈને ત્યાં લગભગ પોણા છ વાગ્યે આવી ગયાં. ફૂલો અર્પણ કરી, સૌના સાષ્ટાંગ પ્રણામ સાથે અમારું સ્વાગત થયું. થોડી વાતો બાદ પૂ.શ્રી



પંદર-વીસ મિનિટ માટે ઓરડામાં જઈ સ્નાન કરી લે છે. એ પછી, ડૉકટર શ્રી શશીકાંતભાઈ સાથે વાતો થાય છે.

પૂ.શ્રી હાર્ટ-ઍટેક પછી પણ શીર્ષાસન કરે છે તે વાત નીકળતાં જ ડૉકટરે કહ્યું: નામ જ જેનું યોગેશ્વર છે તેને શો વાંધો આવે !

પૂ.શ્રી પુષ્કરરાજના ઉતારાની વાત કરે છે. ધર્મશાળાનો ઉતારો ન ગમ્યો અને આખરે એક શેઠના મકાનમાં કેવી રીતે ઉતારો થયો તેની વાત થાય છે.

આજે પચાસ જેટલાં ભાઈબહેનો આવ્યાં છે. બેઠકખંડ આખોયે ભરાઈ ગયો છે.

પૂ. ગાંધીજીનાં પુત્રવધૂ શ્રી સુશીલાબેન ગાંધી પણ આવ્યાં છે.

પૂ.શ્રીએ સત્સંગની શરૂઆતમાં મારી પાસે એક ભજન ગવડાવ્યું. શ્રી સુશીલાબહેનને પૂ.શ્રીએ કહ્યું કે, આપને ન સંભળાતું હોય તો આગળ આવીને બેસો. જવાબમાં શ્રી સુશીલાબહેને કહ્યું: આંખ તો કામ નથી કરતી પણ પ્રભુએ વળી કાન સારા રાખ્યા છે. એટલી પ્રભુની કૃપા.

શ્રી સુશીલાબહેન ગાંધીના એ શબ્દો ઉપર જ આજના સત્સંગમાં વાત થઈ.

પૂ.શ્રીએ સત્સંગ શરૂ કરતાં કહ્યું: દરેક વસ્તુમાં, દરેક પ્રસંગમાં પ્રભુની કૃપા જોવાની ટેવ પાડવી. બાકી તો, જીવનમાં ફરિયાદોનો કોઈ પાર નથી.

ભગવાન બુદ્ધ પાસે એક શિષ્ય આવ્યો. તે ધર્મપ્રચાર કરવા માગતો હતો. બુદ્ધે તેને પૂછ્યું : તારે પ્રચાર કરવો છે ને? પણ જનતા નહી સાંભળે તો તું શું કરીશ?

તે શિષ્યે જવાબ આપ્યો: જનતા નહી સાંભળે તો કંઈ નહી. તેઓ ધર્મને નામે ભેગાં તો થયાં હશે ને?

બુદ્ધે ફરી પ્રશ્ન પૂછયોઃ ધારો કે, તેઓ તારી વાત સાંભળે પણ તે પ્રમાણે તેઓ ચાલે જ નહીં તો?

શિષ્યે કહ્યુંઃ ઉપદેશની શી પ્રતિક્રિયા થઈ તેની ચિંતા હું નહીં કરું. જીવનમાં કદાચ ન ઉતારે, પણ તેમણે ઉપદેશ સાંભળ્યો તો ખરો ને? એ પણ પ્રભુની એક કૃપા છે એમ માનીશ. કોઈક વાર તો તે જીવનમાં ઉતારશે ને?

બુદ્ધઃ ઉપદેશ સાંભળવાને બદલે તેઓ તને ગાળો દેશે તો?

શિષ્યઃ તો, તેમણે મને લાકડીથી માર્યો તો નથી ને! એમ માનીશ.

બુદ્ધઃ તેઓ તને લાકડીથી મારશે તો?

શિષ્યઃ તો એમ માનીશ કે મને મારી તો નથી નાખ્યો ને! જીવતો રાખ્યો છે ને! એ પણ પ્રભુની કૃપા જ છે ને?

અંતે સંતુષ્ટ બનેલા બુદ્ધે કહ્યુંઃ તું ધર્મપ્રચાર જરૂરથી કરી શકીશ. તું યોગ્ય છે.

ફરિયાદો કરવાને બદલે દરેક પરિસ્થિતિમાં પ્રભુની કૃપા જ જોવી.

સત્સંગના સૌપ્રથમ મુદ્દા પર આટલું બોલી, હવે પૂ.શ્રી કહે છે કે, હવે કોઈને કંઈ પૂછવું હોય તો તે પૂછી શકે છે.

આજે આખોયે બેઠક ખંડ ભરાઈ ગયો છે. લગભગ પચાસ ભાઈબહેનો છે. અર્ધો ભાગ ફક્ત અંગ્રેજી જાણનાર વર્ગ છે. તેથી પૂ.શ્રી અંગ્રેજી અને ગુજરાતી બન્ને ભાષાઓમાં સત્સંગ કરી રહ્યા છે.

પ્રશ્નો પૂછવાની વાત આવી એટલે શ્રી જેકશન (જ્યોતિર્ધર) અંગ્રેજીમાં પ્રશ્ન પૂછે છે.

પ્રશ્ન : મહાત્માજી! શું મૃત્યુ પછી તરત જ જન્મ થાય?

પૂ.શ્રી : અરે ભાઈ! જોહાનિસબર્ગમાં કોઈ વ્યક્તિનું



મરણ થાય અને તે વ્યક્તિ ડરબનમાં જન્મી છે એવું જાણીએ તો આપણે કંઈ બેસી રહીએ? ના. વહેલી તકે ગાડી, પ્લેન પકડીને તેની પાસે પહોંચી જ જઈએ!

પરંતુ પ્રભુએ એ બાબતમાં પડદો રાખ્યો છે, જે સારું છે. હા. જે યોગી છે તે જાણી શકે છે, જાણીને શાંત પણ રહી શકે છે; જ્યારે સામાન્ય માનવો એ વાત જાણે તોપણ પચાવી ન શકે.

એક શિષ્ય ગુરુને પૂછે છેઃ પ્રભુ! મારું મરણ ક્યારે થશે તે મારે જાણવું છે.

ગુરુએ કહ્યુંઃ જાણવામાં મઝા નથી, ભાઈ!

શિષ્યઃ ના, મારે જાણવું જ છે.

અંતે ગુરુએ કહ્યુંઃ આજથી આઠમા દિવસે તારું મરણ છે.

એ સાંભળી શિષ્ય ભયભીત બની ગયો. ઘરે સારું ભોજન બનાવેલું, પણ ખાઈ ન શક્યો. મરણના ભયે તેને મરણતોલ બનાવી દીધો. બરાબર આઠમા દિવસે તે મૃત્યુ પામ્યો!

ત્રણ માર્ગો છેઃ (૧) કોઈ તરત જ જન્મે; (૨) કોઈ કર્મફળ ભોગવવા સૂક્ષ્મ યોનિમાં રહે; (૩) કોઈ કર્મફળ ભોગવીને બીજા શરીરમાં પ્રવેશે.

બહારથી ઘરમાં આવનારા માનવો પૈકીનું કોઈ તરત જ કપડાં બદલી કાઢે; કોઈ થોડી વાર પછી બદલે; કોઈ એ જ કપડાં સાથે ઊંઘી પણ જાય. ખરું ને!

પણ આપણે તો પ્રભુ પાસે માગવું કે, જે જે યોનિમાં જઈએ તે તે યોનિમાં ભક્તિ અખંડ રહે, તો, કર્મથી અલિપ્ત રહેવાય.

આમ, કહી પૂ.શ્રી ગાંધીજીના બ્રહ્મચર્ય-વ્રતની વાત ટાંકીને કહે છે કે, સામાન્ય સંસારી અને ગાંધીજીમાં આટલો તફાવત છે. એથી જ જગતે એમને મહાત્મા કહ્યા.

પૂ.શ્રી આ બધી વાતો અંગ્રેજીમાં કરે છે. વચ્ચે વચ્ચે તે જ

વાતને ગુજરાતીમાં પણ સમજાવે છે. વળી, એક બહેન પ્રશ્ન પૂછે છે.

પ્રશ્ન : સૂક્ષ્મ યોનિમાં પણ ચઢતી-ઊતરતી કક્ષા હોય છે?

પૂ.શ્રી : હા. એમાં પણ કક્ષા હોય છે. સૂક્ષ્મ યોનિમાં પણ પવિત્ર-અપવિત્ર હોય છે. સૂક્ષ્મ યોનિમાં ભૂત-પ્રેત અપવિત્ર તો સંતો પવિત્ર છે તેઓ સૂક્ષ્મ સ્વરૂપે રહીને માનવજાતને મદદરૂપ થાય છે.

પ્રશ્ન : 'બધાં પ્રભુનાં સ્વરૂપ છે' એ ભાવે કઈ રીતે જોઈ શકાય ?

પૂ.શ્રી : કબીરસાહેબે સુંદર વાત કરી છેઃ 'મત કર તું મોહ તું હરિ ભજન કો માન રે.'

પૂ.શ્રી ભજન ગવડાવે છે, ને પછી સમજાવે છે. પછી એક-બે બહેનો પાસે ભજન ગવડાવે છે, જેમાં છેલ્લી લીટી નીચે મુજબ સાંભળવા મળીઃ દાસ કબીરને ભર ભર પિયા, ઔર પીવનકી આશ.

પૂ.શ્રીએ કબીરની એ પંક્તિની પ્રશંસા કરી.

ઘડિયાળમાં પોણા દશ વાગી રહ્યા હતા. અંતે શાંતિપાઠ બાદ સૌ પ્રણામ કરી છૂટાં પડ્યાં. આજનો સત્સંગ અંગ્રેજી ને ગુજરાતીમાં બે કલાક થયો.

પ્રિટોરીઆથી બે ભાઈ-બહેન પૂ.શ્રીના સત્સંગમાં ભાગ લેવા આવ્યાં છે. તેમની સાથે પૂ.શ્રી વાતો કરે છે.

અંતે પૂ.શ્રી ઓરડામાં આવી દૂધ પીને આરામ કરે છે.

**હરિઃૐ**

**—પૂ.શ્રી'મા' સર્વેશ્વરી**



## ॥ ગુરુ એ ઈશ્વરનો અવતાર ॥

ગુરુ એ ઈશ્વરનો અવતાર
એને ક્ષુદ્ર મનુજ ના માન.
અકારણ દયા કરે વિમલ ને સમદર્શી સુખધામ.
સ્વાર્થ નહીં, પ્રેમથકી દેતા પલટાવી જીવનકાય.
ઉપમા ક્યાં પારસલોહાની કરતા આપસમાન.
મમતાહીન નિરભિમાની, પ્રતિમા બાલસમાન.
ધારે તે કરવા સમર્થ કરતા જનહિતને કાજ.
ગુરુશરણમાં જા, ન સાધના કરવી પડશે ભ્રાત.
સંતગુરુનાં ચરણ સેવતાં વસ્તુ સર્વ સેવાય.

**—શ્રી યોગેશ્વરજી**

**('સંતવાણી' કાવ્યસંગ્રહ)**

*

## ॥ પદપરિચય ॥

આપણા પરમ સદ્ગુરુરચિત 'સંતવાણી' કાવ્યસંગ્રહના આ એક ટચૂકડા પદમાં સંતકવિ શ્રી યોગેશ્વરજી ગુરુતત્ત્વનો અનોખો મહિમા પોતાની આગવી શૈલીમાં મૂર્ત કરતાં કહે છે :

'ગુરુ એ ઈશ્વરનો અવતાર.' ગુરુ એ ઈશ્વરનું જ પૃથ્વીપટે અવતીર્ણ સ્વરૂપ છે, એવું સીધું કથન કરી રહે છે. અલબત્ત એ કેવળ કથન કરી અટકી નથી જતા, એમાંથી આખાયે કાવ્યનું ભાવ-શિલ્પ કંડારી આપે છે. કહો કે, કાવ્યના પ્રારંભની આ પંક્તિ કાવ્યની શેષ પંક્તિઓના નિર્માણ માટેનું ગંગોત્રી સ્થાન બની રહે છે.

વિશ્વભરના સંતોએ કહ્યું છે, સ્વીકાર્યું છે કે, 'ભક્તિ જ્યારે તમને પક્વ બનાવે છે ત્યારે ઈશ્વર ગુરુરૂપે આવી તમારા મનને અંદર ધક્કો મારે છે ને અંદર ને અંદર ખેંચે છે, જેથી તમે તમારા આત્માની સંનિકટ આવી જાઓ.' આત્મસાક્ષાત્કાર માટે આવા ગુરુનું હોવું આવશ્યક છે.' આ ગુરુ કોઈ દેહ કે આકાર નથી. 'માનવની અંદર દિવ્યતાની જે સંભાવના છે તે સમગ્રતયા પ્રગટ થઈ જાય છે, અહંકારનું પૂર્ણ નિરસન થઈ જાય છે. ત્યારે એ ચેતના ગુરુપદમાં બિરાજે છે.'

આમ કાવ્યની પહેલી પંક્તિ અત્યંત માર્મિક-ધ્વન્યાત્મક રીતે ગુરુતત્ત્વના રહસ્યને, એના સંપૂર્ણ મહિમાને પ્રતિષ્ઠ કરી વિરમે છે.

પરંતુ આજે આ સુવર્ણ છે એમ કહેવાથી વાત પતતી નથી. આ શુદ્ધ-સો ટચનું સોનું છે. એવું દોહરાવવું પડે છે. કારણ કે બજારમાં ભેળસેળવાળા સોનાનું ચલણ બહુ વધી ગયું છે. તેવી જ રીતે, 'ગુરુ-ઈશ્વરનો અવતાર' કહેવાથી, તત્ત્વતઃ એ શું છે તે કહેવાથી વાત પતતી નથી. કવિએ એને સ્પષ્ટ કરતાં, કહેવું પડે છે. 'એને ક્ષુદ્ર મનુજ ના માન.' એને શરીરધારી મોહ-લાલચ-લોભથી ભરેલો સામાન્ય-તુચ્છ-સરેરાશ 'માણસ માનવાની ભૂલ ન કરતા.' એ તમને દેખાય, તમારી સામાન્ય બુદ્ધિને સમજાય એના કરતાં ઘણા મહાન છે. હવે આવું મહાન અસ્તિત્વ જો તમારી સંમુખ છે તો એને બરાબર ઓળખી-સમજી-જાણી લો-પારખી લો. એમ સૂચવતી પંક્તિઓ પછી તો ધોધમાર વરસી પડે છે. અત્યંત સાહજિક રીતે !

એની દયા અકારણ-સ્નેહ નિષ્કારણ હોય છે. એ વિમલ-મલરહિત-પવિત્ર-સમદર્શી ને સુખનું ધામ છે. નિઃસ્વાર્થ પ્રેમથી જીવન પલટી નાખે છે.

એના શિષ્ય સાથેના સંબંધને 'પારસ-લોહા' સાથે સરખાવી નહિ શકાય કેમકે, એ લોખંડને સોનું નહિ, પારસ બનાવી દે છે;



જેથી એના ચૈતન્યસ્પર્શે બીજાં અનેક લોહતત્ત્વ પારસ બની જાય !

કોઈ પ્રત્યે મમત્વ-આસક્તિ નથી, સંપૂર્ણ નિરાભિમાની હોય છે, છતાં તે બાળક જેવા નિર્દોષ, નિષ્પાપ, સહજ. એ ધારેલું સઘળું કરી શકે એમ છે; પણ જે કરે છે એ 'સર્વજનહિતાર્થ'-'સર્વમંગલકાજ' જ કરે છે.

તો આવા ગુરુદેવ જે સ્વયં ઈશ્વરસ્વરૂપ છે એટલું જ નહિ, ઉદાત્ત મનુષ્યતાનાં સર્વ લક્ષણો જેનામાં સ્વયંસ્ફૂર્ત છે. એવા દિવ્યતા-માનવતાના સંતુલન સમા ગુરુના શરણમાં તું જા. (જગતમાં આવું ઠેકાણું બીજે ક્યાંય નહિ મળે) તો હે ભાઈ ! તારે કોઈ સાધના કરવી જ નહિ પડે. ('આવા ગુરુને શોધી ઓળખી, એના શ્રીચરણમાં રહેવું' એની સંનિધિમાં સર્વ કંઈ પામવું એ છે દુર્લભ પણ જો તું સુલભ કરી શકે તો પછી તેને 'ગન્તવ્ય' સ્થાન માની અહીં અટકી જશે તોય તારું કલ્યાણ થઈ જશે.)

એકવાર આવા સંતગુરુના શ્રીચરણ સેવવા મળે પછી દુનિયાભરના પદાર્થો-ભૌતિક સુખો એની પાછળ દોડતાં આવી જાય છે. સર્વપ્રકારે હિત 'યોગક્ષેમ' એ સંભાળી લે છે. એવો એનો મહિમા છે.

કાવ્યમાં શ્રી યોગેશ્વરજી આપણ સર્વ ભાવકોને 'ભ્રાતા' તરીકે સંબોધે છે, જેમાં કવિશ્રીની આપણા 'આત્મકલ્યાણ' માટેની પ્રેમભરી નિસબત 'કોમળ સંવેદના'નું રૂપ ધરી લઈ; સદ્‌ગુરુના સ્વરૂપોની વિગતોને સર્જનાત્મક ઉઠાવ આપી, કાવ્યને વધારે રસમય બનાવે છે. અને 'ગુરુની સાથે, ગુરુની સમાંતરે કવિ પણ ઈશ્વરનો અવતાર છે' એવું પ્રતીત થાય છે. કેમ કે ઈશ્વર જો 'રસો વૈસઃ' હોય તો કવિ પણ એનું જ પ્રતિબિંબ છે ને ?

# ॥ સંતનું સ્વરૂપ ॥

જે ભગવાનનું સ્વરૂપ છે એ જ સંતનું સ્વરૂપ છે. સંતનું કોઈ એક લક્ષણ દર્શાવી શકાતું નથી. પરંતુ 'જેનામાં સર્વ છે, જે સર્વ છે, જે સર્વથી અલગ છે.' તે સંત છે.

તેને બ્રહ્મ કહો, ઈશ્વર કહો, જગત કહો કે સંત કહો, એક જ વાત છે. વ્યવહારમાં જેને સંત કહીએ છીએ તે કેવળ એનું પ્રતીક છે. જેવી રીતે મૂર્તિમાં ભગવતદ્‌ભાવ કરવામાં આવે છે તેવી રીતે ગુરુ અને મહાત્માઓમાં પણ સંતત્વની ભાવના કરવામાં આવે છે. સંતત્વની પ્રાપ્તિનું પ્રધાન સાધન સંતોની ઉપાસના છે. સંતની ઉપાસના ભગવાનની ઉપાસના છે. સંતમાં ગુણદોષ જોવા એ એનું અપમાન છે. કોઈ પણ પ્રકારના આચરણથી સંતની ઓળખ થઈ શકતી નથી.

સંતના બાહ્ય વેશ પર દૃષ્ટિ નહિ નાખતાં, એના હૃદયને જોવું જોઈએ. કોઈ કોઈ મહાત્માઓનો બાહ્ય વ્યવહાર ઉપેક્ષા કે તિરસ્કારભર્યો જણાય; પરંતુ તેમની ભીતર જે 'દિવ્ય તપોબલ' હોય છે તેનાથી સેંકડો-હજારો-લાખો મનુષ્યો અકારણ જ તેમની તરફ આકર્ષાય છે.

સંતોના બે પ્રકાર ગણાયા છે : અવધૂત અને આચાર્ય.

અવધૂતકોટિના સંતોને કોઈ વિરલ જ ઓળખી શકે છે. તેમનાં બાહ્ય આચરણ અને ઉપદેશ સામાન્યજનો સમજી શકતાં નથી.

આચાર્યકોટિના સંતો પ્રમાણમાં સમજવા સરળ હોય છે. તેમને વિશે કહેવાયું છે : 'એમનામાં નિરપેક્ષતા, ભગવત્પરાયણતા,



શાન્તિ, સમદૃષ્ટિ, નિર્મમતા, અહંકારશૂન્યતા, અપરિગ્રહ જેવા ગુણો હોય છે' જ્યાં સુધી આ સર્વ ગુણો પ્રાપ્ત ન થાય ત્યાં સુધી પોતાને સંત સમજવા જોઈએ નહિ. અલબત્ત આ ગુણો સંત સ્વયં જ અનુભવતા હોય છે, કોઈ બીજી વ્યક્તિ એની પરીક્ષા કરી, એનો અંદાજ મેળવી શકતી નથી.

બધા દેશોમાં, સર્વ સમયે કોઈને કોઈ સાચા સંત વિદ્યમાન રહે જ છે. સંત જ સમાજનું જીવન છે, કોઈપણ 'સંતજનશૂન્ય' સમાજ જીવિત રહી શકતો નથી.

કેટલાક લોકો ચમત્કારો દ્વારા મહાત્માઓના મહાત્માપણાનો નિર્ણય કરે છે. આ એમની ભૂલ છે. પ્રહ્‌લાદ-સુધન્વા જેવા ભક્તો માટે ભગવાને સ્વયં જે કંઈ કર્યું એ તો તેમની ભક્ત પર રહેતી 'અચલ કૃપાનો ચમત્કાર' છે અને એ ભક્તને માટે ગૌરવજનક છે, તેનું પતન કરનાર નથી. પણ યોગાદિ દ્વારા કે અન્ય જાદુ-તરકીબ કે મનોવૈજ્ઞાનિક અખતરા દ્વારા જે કેવળ અવનવી સિદ્ધિઓ માટે પ્રયત્નશીલ રહે છે તેમને એ નીચે પાડી જ દે છે; ને એ પ્રભુની પ્રાપ્તિમાં વિઘ્નકર્તા નિવડે છે.

**—સંકલન**
**(પૂ.ઉડિયાબાબા)**

'સાધુ ભયા તો ક્યા હુઆ
માલા પિહરી ચાર,
બાહર ભેષ બનાઈઆ,
ભીતર ભરી ભંગાર.'

**—સંતકવિ કબીર**

# ॥ સંત-મહિમા ॥

સંતોનો મહિમા ગાતાં શ્રીમદ્ ભાગવતમાં સ્વયં ભગવાન કહે છે : 'જે અકિંચન, જિતેન્દ્રિય, શાન્ત, સમબુદ્ધિ જે કેવળ પ્રભુમય છે, એને માટે સર્વત્ર આનંદ જ આનંદ છે. મારામાં જ અનુરક્ત. મારા ભક્ત મને છોડીને બ્રહ્મા કે ઈન્દ્રનું પદ, ત્રિલોકનું સામ્રાજ્ય, યોગની સિદ્ધિઓ અને મોક્ષ પણ ઈચ્છતા નથી. તેથી હે ઉદ્ધવ ! તમારા જેવા સંત-ભક્ત મને જેટલા પ્રિય છે એટલા મારા આત્મસ્વરૂપ સાક્ષાત્ બ્રહ્મા, શંકર, બલભદ્ર, લક્ષ્મી અને મારો પોતાનો આત્મા પણ પ્રિય નથી. હું આવા નિરપેક્ષ, શાન્ત, નિર્વૈર અને સમદર્શી સંતની ચરણરજથી પોતાને પવિત્ર કરવા માટે નિરંતર એમની પાછળ-પાછળ ફર્યા કરું છું.'

સંતનું જીવન જ જગતના કલ્યાણને માટે હોય છે. તેથી જગત પર જેટલા એમના ઉપકાર છે એટલા કોઈ બીજાના નથી.

એમનું લોકસેવાવ્રત અને વિશ્વપ્રેમ જગતમાં જે કલ્યાણની અમૃતધારા વહાવે છે, એ ધારા જો ક્યારેક સૂકાઈ ગઈ હોત તો અત્યાર સુધીમાં તો આખું જગત નરકાગાર બની ગયું હોત.

સદ્-અસદ્ તત્ત્વો વચ્ચે યુદ્ધ તો સતત ચાલ્યા કરે છે પણ સંતોનું અસ્તિત્વ અને તેમનું અનવરત કલ્યાણ-વિતરણ અસદ્ તત્ત્વને-આસુરી બળને સ્થાયી થવા દેતું નથી.

સંત જ્યારે નિરુપાય જેવા થઈ જાય છે અથવા પોતાના તપોબળથી નહિ, ભગવાન થકી કાર્ય કરાવવા ચાહે છે ત્યારે સંતોના રક્ષણાર્થે સ્વયં ભગવાને અવતરવું પડે છે. વસ્તુતઃ ભગવાનના અવતારમાં પ્રધાન હેતુ 'સાધુ-પરિત્રાણ' જ છે.

સંત જગતમાં જે વિશુદ્ધ, સાત્ત્વિક પરમાણુઓને ફેલાવી રહે છે, એનાથી સત્ત્વગુણ અને સદાચારની રક્ષા થાય છે.



સંત ભગવાનના પ્રત્યક્ષ વિગ્રહ છે. ભગવાનને મળવું બહુ મુશ્કેલ છે. પરંતુ સંત આપણને મળવા માટે જ સંસારમાં-આપણી વચ્ચે રહે છે. તેથી એ આપણા માટે ભગવાનથી ચઢિયાતા ઉપાદેય છે; કેમકે સંસારથી સર્વથા અલગ રહીને પણ, આપણી બહુ જ નિકટ રહે છે અને આપણને હાથ પકડીને વૈકુંઠધામમાં પહોંચાડી દે છે. આ જ તો એનો સૌથી મોટો ચમત્કાર છે.

સંતોની વેશભૂષા, ભાષારીતિ, શિક્ષા-દીક્ષા તરફ ન જોતાં તેમની સમતા, બુદ્ધિમત્તા, અસાધારણ, સરળતા અને પ્રભુમય જીવનનો લાભ ઊઠાવવો જોઈએ.

જગતના પ્રત્યેક જીવની પ્રતિકૂળતાઓને અનુકૂળ કરવા સદા પ્રયત્નશીલ સાક્ષાત્ આત્મસાક્ષાત્કારી સંતની વાણીમાંથી અમર જ્ઞાનામૃત ઝરે છે. એમના નેત્રોમાંથી પ્રેમની શીતળ સુખદ જ્યોતિ પ્રગટે છે. તેમના હૃદયમાંથી આનંદધારા વહે છે. જે એમની સંનિધિમાં આવે છે તે ત્રિતાપથી મુક્ત થઈ પ્રસન્ન આત્મા બની જાય છે.

આવા સંતો જે દેશમાં રહે છે એ દેશ પુણ્યતીર્થ બની જાય છે. જે ઉપદેશ આપે છે તે પાવન શાસ્ત્ર બની જાય છે. એ જે કર્મો કરે છે એ જ કર્મ સત્કર્મ સમજવામાં આવે છે.

'સ્કંદપુરાણ'માં સાચું જ કહ્યું છે :

'કુલં પવિત્રં જનની કૃતાર્થા
વસુંધરા પુણ્યવતી ચ તેન।'

આવા સંતોથી કુળ પવિત્ર બને છે, જનની કૃતાર્થ બને છે, પૃથ્વી પુણ્યશાળી બને છે.

**—સંકલન**

**(સં.શ્રી હનુમાનદાસજી પોદ્દાર)**

# ॥ સંતભાવની પ્રાપ્તિનાં સાધન ॥

પ્રભુપ્રેમની પ્રાપ્તિ જ મનુષ્યજીવનનો ઉદ્દેશ્ય છે અને એ ઉદ્દેશ્યમાં જે સફળ થઈ ચૂક્યા છે એ જ સંત છે. તેથી સંતભાવની પ્રાપ્તિમાં જ મનુષ્યજન્મની સાર્થકતા છે. આ પ્રાપ્તિના બે રસ્તા છે : ૧. ભગવાનની અસીમ્ કૃપાનો આશ્રય તેમજ દૃઢ નિશ્ચય અને અટલ વિશ્વાસ સાથે કરાતો પુરુષાર્થ.

સંતભાવ-પ્રાપ્તિ માટેનાં સહાયક તત્ત્વો બીજાં પણ છે. જેમકે–

૧. શુદ્ધ કમાણીનો નિયમિત-મિતાહાર.
૨. મધુર, સત્ય વાણી.
૩. સર્વની યથાયોગ્ય સેવા-મમત્વ અહંકાર વિના.
૪. શિષ્ય બનાવવા આતુર ન રહેવું.
૫. પૂજા-પ્રતિષ્ઠા, કીર્તિ-પદથી બચવું.
૬. તર્ક-વિતર્ક, વાદ-વિવાદ, ખંડન-મંડનથી દૂર રહેવું.
૭. પોતાના ઈષ્ટને જ સર્વોપરી માનો પરંતુ બીજાના ઈષ્ટને હલકા ન સમજવા.
૮. શરીર, મન, બુદ્ધિ, ઈન્દ્રિયોને શુદ્ધ આધ્યાત્મિક વાયુમંડળમાં રાખવાં, પરમાત્માભિમુખ રાખવાં.
૯. સર્વત્ર, સર્વદા ભગવાનને વિરાજિત જોવા.
૧૦. પ્રતિદિન નિર્ધારિત સમય એકાંતમાં ધ્યાન, ભગવદ્‌ભાવ પામવા સાચી પ્રાર્થના કરવી.
૧૧. ભગવદ્‌શક્તિને ભીતર પ્રવેશવા હૃદયને વધારે ને વધારે પવિત્ર રાખવું. દૈવી ગુણોનો વિકાસ કરવો.
૧૨. કામ, ક્રોધ, લોભ, દંભ, દર્પ, વેર, ઈર્ષ્યાને ઊગતાં જ રોકી દેવાં.
૧૩. આત્મિક-ઈશ્વરી શક્તિ આગળ મન-બુદ્ધિ આદિ શક્તિની તુચ્છતા સમજી કેવળ આત્મવશ રહેવું.
૧૪. મન-ઈન્દ્રિયોના માલિક રહો, ગુલામ નહિ.
૧૫. ઈષ્ટ મંત્ર કે પ્રભુનામસ્મરણ શ્રદ્ધાપૂર્વક સતત કરવું.
૧૬. સંસારી પદાર્થો-વિષયોના સંગ્રહ પરત્વે અપરિગ્રહી રહેવું.

**–સંકલન**

**(સૌજન્ય : ‘કલ્યાણ’નો વિશેષાંક)**



# ॥ સંતભાવની પ્રાપ્તિમાં વિઘ્ન ॥

સંતભાવની પ્રાપ્તિમાં મોટું વિઘ્ન છે કીર્તિની કામના. સ્ત્રી-પુત્ર, ઘર-દ્વાર, ધન-ઐશ્વર્ય અને માન-સમ્માનને ત્યાગી ચૂકેલો મનુષ્ય ‘કીર્તિની મોહિની’માં ફસાઈ જાય છે.

જે મનુષ્યની સાધનાધારા ચુપચાપ ચાલે છે, એને એટલો ડર નથી. પરંતુ જેના સાધક હોવાની ખબર લોકોમાં ફેલાઈ જાય છે, તેની ખ્યાતિ થવા લાગે છે, ઠેરઠેર માન-સમ્માન થવા માંડે છે. અને આ પૂજા-પ્રતિષ્ઠામાં એ જરા પણ ફસાયો કે તેના પતનનો આરંભ થઈ જાય છે. પછી તો ભક્તો દ્વારા ઈન્દ્રિયોના ઉપભોગાર્થે પ્રાપ્ત થતા ભોગવિલાસમાં રત રહી, પરમ લક્ષ્ય પરમાત્માને છોડીને ઈન્દ્રિયો વિષયસેવનમાં પડી જાય છે, તેથી કીર્તિ, પૂજા-પ્રતિષ્ઠાને સાધનામાર્ગમાં મુખ્ય વિઘ્ન સમજીને એનો ત્યાગ કરવો જોઈએ.

આવા સાધકોના ભક્તો અને શિષ્યોએ પણ સંતસેવા-ગુરુભક્તિના નામે ભ્રાન્તિ સેવી, ઈન્દ્રિયોની ક્ષુધા વધારનારા મોહક ભોગ એમના ચરણે ધરાવીને એમને પવિત્ર-સંયમી સંતજીવનથી ભ્રષ્ટ કરવાની ચેષ્ટા ન કરવી જોઈએ.

સંત-ગુરુનું સમ્માન શિષ્યનું પરમ કર્તવ્ય છે. પણ તેમની સાચી પૂજા એ જ કાર્યમાં છે, જે એમને હાનિકારક નથી, અને આધ્યાત્મિક ઉન્નતિમાં સહાયક હોય. વળી જે પૂજા-પ્રતિષ્ઠા માટે જે સંતવેશ ધારે છે. એ તો સંત છે જ નહિ.

સંત-મહાત્માઓનું યથાર્થ સમ્માન તેમના આજ્ઞાપાલનમાં, તેમના આદર્શ ચરિત્રના અનુકરણમાં તેમજ તેમની યથોચિત સેવા કરવામાં છે.

ક્વચિત્ ભક્તોની પ્રસન્નતા માટે કોઈ ભોગસામગ્રી કે પદાર્થનો સ્વીકાર કરી પણ લો તો તે એમના પર એની વિપરીત અસર નથી કરતી. કેમકે તેનું મન સર્વથા, અનાસક્ત હોય છે. અને આશય સર્વમંગલકારી જ હોય છે.

**–સંકલન**

**(‘સંતઅંક’ને આધારે)**

# ॥ સાવધાન થઈ જાઓ ॥

મનુષ્યજીવનનો અણમોલ સમય વ્યર્થ જઈ રહ્યો છે. મૃત્યુના મોંમાં બેઠેલા તમને મૃત્યુ ગ્રસી લેશે પછી તમે કંઈ જ નહિ કરી શકો. જે ધન, માન, પરિવાર, વિદ્યા, યશ, માલિકી આદિના ભરોસે આજે ગર્વમાં ફૂલાઈ રહ્યા છો. એમાંથી કોઈપણ તે સમયે તમારી જરા પણ મદદ નહિ કરે. તેમની તરફ નિરાશ નેત્રોથી તમે તાકતા રહી જશો. નિરુપાય થઈ જશો-ન તમે એમના કોઈ કામમાં આવી શકશો, ન તેઓ તમારી સેવા-સહાયતા કરશે. એ સમયે સમજાશે, આપણાથી મોટી ભૂલ થઈ ગઈ. સદ્‌ભાગ્યથી, ભગવત્કૃપાથી પ્રાપ્ત મનુષ્યદેહ આપણે નકામો ખોઈ નાખ્યો. પસ્તાશો, રડશો. પરંતુ

'અબ પછતાયે ક્યા હોત જબ ચિડિયા ચુગ ગઈ ખેત'

તેથી 'સાવધાન થઈ જાઓ' પોતાના મનુષ્યત્વને સંભાળો. તમારી માનવીયતા એમાં છે કે તમે પરમાત્માને પ્રેમ કરવાનું શીખી જાઓ. સંતોની સલાહ માની, એમની આજ્ઞાનું પાલન કરો. તેમણે બતાવેલા રાહ પર ચાલી, તેમના જેવા બનવાનું વિચારો. આમ કરવાથી તમારું હૃદય આનંદ અને શાંતિના સુધાસાગરમાં ડૂબી જશે. તમને ભગવત્-પ્રેમ પ્રાપ્ત થશે. તમે કૃતાર્થ થઈ જશો. પરંતુ યાદ રહે. કેવળ સંતોની બાહ્ય નકલ કરવાથી કંઈ નહિ થાય. જો કે આજકાલ લોકો સંતોના ગુણો, તેમની પરમાત્મા પ્રીતિ કે તેમની ઊંચી આધ્યાત્મિક સ્થિતિથી પ્રસન્ન નથી થતા. તેઓ રીઝે છે સંતના માન-સન્માન પર,



તેમની પૂજા-પ્રતિષ્ઠા પર, તેમના ચમત્કારો પર એમના બાહ્ય દેખાડા પર ! ને પોતે પણ એવા થવાની ચેષ્ટા કરે છે.

તેઓ મિથ્યા ચમત્કારોનો સ્વાંગ રચે છે. પોતે ડૂબે છે, સંતના નામ અને વેશ પર પણ કલંક લગાડે છે. સેવકોના મનમાં અશ્રદ્ધા પેદા કરી, તેઓને પુણ્યપથથી વિચલિત કરે છે.

યોગવિભૂતિ થવું સરળ નથી. યોગના આઠ અંગોમાં પહેલા બે અંગ છે યમ અને નિયમ. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. યમ છે અને શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય. ઈશ્વરપ્રણિધાન નિયમ છે. આ સર્વ સાધ્યા વિના યોગસિદ્ધિ ક્યાં ? તેથી આજકાલ યોગી બહુ મળે છે પરંતુ 'સાચા યોગસિદ્ધ પુરુષ' મોટે ભાગે નથી મળતા.

તેથી માન-પ્રતિષ્ઠા પામવાના ઉદ્દેશ્યથી સંતની જૂઠી નકલ કરવાને બદલે સાચી નકલ કરો, એમનાં આચરણોનું અનુસરણ કરો. સંત બનવા માટે ! સંત કહેવડાવવા નહિ.

સંતોની લીલા રહસ્યમય હોય છે. એનો મહિમા કોણ ગાઈ શકે ? જે સ્વયં સત્ છે, ચૈતન્ય અને આનંદસ્વરૂપ છે. પરમ સત્યમાં જેની નિત્ય, અચલ પ્રતિષ્ઠા છે એ જ સત્ છે, અને આવા સત્ જ સંત છે.

બસ, તમે તો સંતની સેવા કરો, તેની આજ્ઞાનું પાલન કરો. એમને તોલવાની ચેષ્ટા ન કરો. શ્રદ્ધા-ભક્તિથી એની કૃપા પ્રાપ્ત કરો તો તેઓ તેમને પોતાનું થોડુંક રહસ્ય દર્શાવશે. તમે એના થોડા અંશ જાણશો તો પણ ચકિત થઈ જશો. જે વાતોને તમે અસંભવ માનો છો, જે તમે ધારી પણ નથી શકતા, જે તમારી માટે કલ્પનાતીત છે, એવી એક નહિ, અનેક વાતોનો અનુભવ

કરે છે, એને પ્રત્યક્ષ કરે છે. અજ્ઞાની-અશ્રદ્ધાળુ લોકો એ સમજી નહિ શકે. પણ સંત તો પોતાના નિજાનંદમાં મસ્ત હોય છે, મોહમાં ફસાયેલી દુનિયાના પ્રમાણપત્રથી એને શું નિસબત !

સંત ભગવાનની દિવ્ય લીલાનાં સાધન છે, ઉપકરણ છે. જે કેવળ નામધારી સંત નથી, સત્સ્વરૂપ છે; આવા સંતને મેળવવાની ઈચ્છા કરો. ભગવાનને પ્રાર્થના કરો. ભગવાનની દયાથી જ આવા સંત મળે છે.

આવા સંતની પ્રાપ્તિથી તમારા હૃદયમાં કલ્યાણનો સાગર ઉમટી પડશે. તેમાં અવગાહન કરી, અનંત આનંદ સાથે ભળી, આનંદ બની જશો. આવા સંતની પ્રાપ્તિ જ નહીં, કેવળ સ્મૃતિ પણ પાપતાપ અને અજ્ઞાન-અંધકારનો નાશ કરનારી છે.

આવા સંત સંસારમાં બહુ ઓછા છે. એમનું અસ્તિત્વ જ જગતમાં મંગલ-કલ્યાણ સર્જનારું છે. પાખંડીઓનો આના પર કોઈ પ્રભાવ નથી પડતો. પણ હીરાપારખુ લોકોથી હીરા-કાચનો ભેદ છુપાઈ શકતો નથી. છતાં સાચા સંતની પિછાન ભગવત્કૃપા પ્રાપ્ત સંતો જ કરી શકે છે.

સાચા સંતના દર્શનાભિલાષી બનો. એનાં શ્રીચરણોમાં નમસ્કાર કરો. એમની વાણીને વેદવાક્યથી ઊંચી જાણો. એમની ચરણરજને તમારી અમૂલ્ય સંપત્તિ સમજો. એમની આજ્ઞાનું પ્રાણાન્તે પાલન કરો. એમની ઈચ્છાનું અનુસરણ કરો. એમના ઈશારા-સંકેત સમજો. અને જોજો કે તમારું કેટલું જલ્દી, કેટલું બધું મંગલ થાય છે.

**—સંકલન**

(‘શિવ’)



# ॥ ગુરુ વ્યક્તિ નથી, તત્ત્વ છે ॥

‘ગુરુપૂર્ણિમા’ના આજના પવિત્ર પર્વે ‘સ્વર્ગારોહણ’ના આકાશમાં એક નહિ, બબ્બે ચન્દ્રો એક સાથે ઊગે છે. પરમ ગુરુદેવ શ્રી યોગેશ્વરજી તેમજ પરમ પ્રેમમયી ‘મા’ સર્વેશ્વરીની સૂક્ષ્મ-પ્રગટ સંનિધિ અનુભવનાર બંનેના શીતળ, પવિત્ર, દિવ્ય અજવાસને માણી શકે છે.

સ્વયં પરમેશ્વર જ સદ્ગુરુરૂપે આપણા હૃદયમાં સદૈવ પ્રતિષ્ઠિત છે એની પ્રતીતિ આ ઉભય ચૈતન્યસ્વરૂપોનું સાયુજ્ય એવી રીતે કરાવે છે કે, ‘ગુરુપૂર્ણિમા’ આપણા માટે એક દિવસની ઉજવણીનું પર્વ ન રહેતાં ‘નિત્યપૂર્ણિમા’ના શાશ્વત, શીળા પ્રકાશનું અમર વરદાન બની જાય છે.

એટલે આ ક્ષણે જ નહિ, હરહંમેશ હર પળ આવા પરમ કૃપાળુ ગુરુવર્યોના શ્રીચરણમાં આપણાં મસ્તક અવનત રહે એવી પ્રાર્થના કરીએ.

મૂળ તો આ દિવસ ભારતીય સંસ્કૃતિના મહાન પ્રતિનિધિ મહર્ષિ વ્યાસના જન્મદિનને વધાવવા ‘વ્યાસપૂર્ણિમા’ તરીકે ઓળખાતો. સમય જતાં પોતપોતાના સદ્ગુરુની પૂજાની પ્રથા અસ્તિત્વમાં આવી. એટલે અષાઢી સુદ પૂનમે શિષ્યો શ્રદ્ધાભક્તિસભર ગુરુની પૂજા કરી, ગુરુનું મંગલ માર્ગદર્શન મેળવે છે. આધ્યાત્મિક જીવનની પ્રેરણા પામે છે.

કહેવાય છે કે, ‘Guru is divine channel through which the God’s wisdom and mercy flow.’

ગુરુ એટલે જે લઘુ નથી તે. એટલું જ નહિ, જે કોઈને લઘુ

ગણતો જ નથી, માણસમાત્રને લઘુતાવૃત્તિમાંથી બહાર કાઢી, એની ભીતર રહેલી ગુરુતાની પહેચાન કરાવે છે.

'ગુરુ' શબ્દનો અર્થ જ અવિદ્યાનો અંધકાર દૂર કરી, આત્માની ઓળખાણ કરાવી આપે એ છે. આત્માની આડે અહંકારના ઘણાં આવરણો-અવરોધો હોય છે એ હટાવવા સહાય કરે. શરીર-મનથી પર આત્મનિષ્ઠ થવા, પરમાત્મામય થવા જે પોતાના 'જીવંત નિદર્શન' થી પ્રેરે તે ગુરુ. ગુરુની આધ્યાત્મિક શક્તિ શિષ્ય તરફ વળે તે માત્ર 'પ્રેમરૂપી' માધ્યમ દ્વારા જ વહી શકે. એ પ્રેમ દ્વારા સંચરિત જ્ઞાન કરતાં વધુ ઉચ્ચ કે પવિત્ર કશું જ નથી.

ઈશ્વરની સર્વશ્રેષ્ઠ અભિવ્યક્તિ તરીકે ગુરુમાં આપણું ચિત્ત તન્મય બની જતાં, ગુરુની મનુષ્યતા, એનું શરીર અદશ્ય થશે અને ત્યાં સાક્ષાત્ ઈશ્વર દેખાશે. પૂ.શ્રી યોગેશ્વરજીએ કહ્યું છે તેમ; 'ગુરુ એ ઈશ્વરનો અવતાર, એને ક્ષુદ્ર મનુજ ના માન.'

'ગુરુ' શબ્દની મહત્તા જેટલી પૂ.શ્રી'મા' એ કરી છે, મન-વચન-કર્મથી કરી છે, એવી મહત્તા ભાગ્યે જ કોઈએ કરી હશે. અત્યારે સાંપ્રતમાં હર ક્ષણ 'અંતર્ગુરુ'ને આરાધતાં રહી, બહાર-ભીતર, અખંડ અદ્વૈતનો મહિમા 'મા' જે રીતે કરી રહ્યાં છે, જે ભાવથી કરી રહ્યાં છે; એવા અનુપમ શિષ્યત્વનો જોટો પૃથ્વીપટ પર જવલ્લે જ મળે.

ઈ.સ.૧૯૭૦ થી ઈ.સ.૧૯૮૪ સુધીનો પરમ સદ્ગુરુ સાથેનો 'મા'નો સહવાસ, મન-હૃદયનો-આત્માનો 'ચૈતન્યસંબંધ' એમના અંતરદીપને પ્રગટાવવાનું, એની જ્યોતને વધારે ને વધારે દેદીપ્યમાન કરવાનું સામર્થ્ય એવું સિદ્ધ કરી ગયો કે 'અધ્યાત્મના અનસ્ત સૂર્ય'ની શાશ્વતી એમાં સદાકાળ ઝળહળ્યા કરે છે.



૨૭ મે વરસે 'મા'એ લખેલું : 'જે નવી દિશા ઊઘડી તે દિશાનું નામ પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ જેવું પ્રચલિત નામ નહિ. એ દિશાનું નામ જ યોગેશ્વર ! સાત્ત્વિકતા, પવિત્રતા, મૌન, પ્રાર્થના અને સંયમનો ઉઘાડ લઈ, એ યોગેશ્વર દિશા તરફ આંખો મીંચીને ચાલ્યા કરીશું તો પણ અલખના દેશમાં પહોંચી જઈશું.'

આજે ૭૯મે વરસે 'મા' અનુભવે છે કે, 'હવે પૂજ્યશ્રી પાસે વારે વારે દોડીને બધું કહેવાતું હતું તે બંધ થઈ ગયું છે. અભેદ છે. 'મા' અખંડ આનંદમાં ઠેકડા મારતાં જ રહે છે. સહજ જ આનંદ.'

તો બેમિસાલ ગુરુભક્તિ-અનન્ય શિષ્યત્વ 'મા'ને અલખના પ્રદેશમાં પહોંચાડી જ દે છે. આજનાં 'મા'ની સહજાવસ્થા, શાન્ત-પ્રસન્ન સ્થિતિ 'ઉત્તમોત્તમ ગુરુ અને ઉત્તમોત્તમ શિષ્ય'નું ભવ્યોજ્જવલ દૃષ્ટાંત બની, સર્વ અધ્યાત્મપ્રેમીઓ સમક્ષ સમજણનું એક નવું દિગ્દ્વાર ખોલી દે છે.

સૌ કોઈ જાણે છે કે, સૃષ્ટિને અજવાળવા સૂર્ય સીધેસીધો આકાશમાંથી નીચે નથી ઊતરી આવતો પણ એનાં સૂર્યકિરણોને પૃથ્વી પર મોકલી આપે છે એમ પરમાત્માએ આપણા કલ્યાણ માટે પરમ સદ્ગુરુ શ્રી યોગેશ્વરજી અને પરમ પ્રેમમયી 'મા' સર્વેશ્વરીનું 'અખંડ અદ્વૈતરૂપ' સર્જ્યું છે.

આ ઈશ્વરનિર્મિત-ઈશ્વરના પર્યાયરૂપે પ્રતિફલિત 'ગુરુતત્ત્વ'ને અંતરથી પ્રણામ કરવા જતાં સમજાય છે કે, 'જે તત્ત્વ વિશ્વચેતનાનું છે, એ જ તત્ત્વ આ ઉભય વિભૂતિચેતનાનું છે. એ તત્ત્વ જ્યારે આપણામાં રણઝણી ઊઠશે ત્યારે આપણે એની સાથે એકરૂપ થઈ કૃતાર્થ થઈશું'

એ ધન્ય ક્ષણ તો આવે ત્યારે ખરી ! પૂ.શ્રી'મા'નું મૂળ સરોજ નામ,

પિતાશ્રીએ વહાલથી અર્પેલ નામ, 'મા'એ વધાવી જીવનભર જળકમળવત્ રહી સાર્થક કરી દીધું.

''મા' સર્વેશ્વરી' એટલે સર્વત્ર વિરાજમાન તત્ત્વ.

'ઈશતે-રાજતે સર્વત્ર ઇતિ ઈશ્વર.' આ નામ પૂ.શ્રી યોગેશ્વરજીએ આપ્યું, જે વ્યક્તિવાચક નહિ, તત્ત્વવાચક છે. એને શિરે આદરપૂર્વક ધારી, જીવનના દીર્ઘ પટ પર તેઓશ્રીએ 'મા' નામ ધારણ કર્યું. જેથી હરકોઈ બાળક એમની પાસે વિનાસંકોચે જઈ શકે, અને સ્વયં પણ બાળકના યોગક્ષેમનો હવાલો 'મા'ની રુએ લઈ શકે ! હવે જાણે ઈશ્વરદત્ત યુગકાર્ય પૂર્ણાહુતિને આરે હોય એમ સૃષ્ટિના સર્વ જીવો સાથેના સંબંધમાંથી ઉપર ઊઠી સર્વવ્યાપી ચૈતન્યતત્ત્વ ૐ સાથે તેઓશ્રી અનુસંધિત થયાં છે.

ૐ શબ્દ પરમાત્માનો વાચક છે. 'મા'ને કોઈ પૂછે તમે કોણ ? તો તે કહે : 'સોડહમ્' અર્થાત્ પરમાત્મસ્વરૂપ છીએ. 'ૐ' શબ્દમાં પૂ.શ્રી'મા'ની 'આત્મિક સાધનાનો અર્ક' છે. કેવળ ૐ સ્વરૂપા-ચૈતન્યસ્વરૂપા 'મા'ને ઓળખવા-અનુભવવા આપણું ચૈતન્યતત્ત્વ આપણે જગાડવું રહ્યું.

પૂ.શ્રી'મા'એ પોતાની અનુભૂતિથી સિદ્ધ કરી આપ્યું છે કે; 'તમે જ્યારે મંદિરમાં જઈ પ્રાર્થના-પ્રણામ કરો છો એ તો એક ઉપચાર છે. પણ જ્યારે આખું અસ્તિત્વ મંદિર બની જાય. તમે જેને સ્પર્શો એ પ્રાર્થના બની જાય. તમે જે કંઈ કરો એ પ્રાર્થના-પ્રણામ-સાધના બની જાય. તમે અન્યથા કરી જ ન શકો. પૂરેપૂરા અંતર્નિહિત થઈ જાઓ. ભીતર ઊતરી જાઓ. પ્રભુની-ગુરુની કરુણા-કૃપા એકવાર અનુભવ્યા પછી કૃતજ્ઞતા એવી પ્રગટે કે એ પ્રવાહમાં વહ્યા સિવાય કોઈ કર્તવ્ય જ શેષ ન રહે.



તમે સ્વયં પ્રાર્થના, તમે સ્વયં પ્રણામ. તમે સ્વયં કૃતજ્ઞતા થઈ જાઓ એ જ જીવનની સાચી ફલશ્રુતિ.'

પૂજ્યશ્રી'મા'ની આ પ્રતીતિ-આ દર્શન આપણા સર્વના હૃદયમાં સ્થિર થાય. આવી ભાવાવસ્થાનો આછો-અમથો ઉઘાડ પણ જો અનુભવાય તો સંભવ છે કે, 'જાગૃતિની આપણી પડવાની આ ક્ષણ પૂર્ણિમાના પૂર્ણ ચન્દ્ર સુધી આપણને પહોંચાડી સાર્થક કરે. અને તો જ આપણે પરમ પ્રેમમયી 'મા'નાં બાળકો તરીકે તેઓશ્રીને પ્રણામ કરવા લાયક બનીએ. અને તો જ પરમ તત્ત્વ સાથેનું સદાનું અનુસંધાન આપણને કલ્યાણપંથે આગળ ને આગળ દોરી શકે.'

જિજ્ઞાસુમાં રહેલું 'સર્વોત્તમ તત્ત્વ' બહાર કઢાવી, વૈશ્વિક કાર્યમાં એને સહભાગી બનાવવા પૂ.શ્રી'મા' હરહંમેશ મથે છે. જેને જે માર્ગ રુચે એ પસંદ કરવાનું સ્વાતંત્ર્ય બક્ષી પ્રભુમય રહેવા માટે 'મા' સદૈવ પ્રેરે છે.

એટલે જ શ્રીગુરુ ભગવંતના શતાબ્દી વર્ષને 'સાધનાપર્વ' તરીકે ઓળખાવી, જિજ્ઞાસુઓને સદ્‌ગ્રંથપારાયણ, મૌન, પ્રાર્થના, પ્રણામ, ભજન-કીર્તન, મન્ત્રજપ, ધ્યાન, પ્રદક્ષિણા, પદયાત્રા, સાઈકલયાત્રા, બાઈકયાત્રા, તીર્થયાત્રા ઉત્તરકાશીવાસ-એક માસ, જેવા અવનવા 'સાધનાપંથો' સૂચવ્યા. સાધકોએ પણ એમાં સહયોગ ધરી, યથાશક્તિ એ 'આધ્યાત્મિક અભિયાનો' સફળ બનાવ્યાં. ને પૂજ્યશ્રી'મા' શ્રીકૃષ્ણની જેમ કહેતાં રહ્યાં : 'હે પાર્થ, તને તારા (આત્મ) હિતનો બોધ જેમ વધુ ને વધુ થતો જાય છે, તેમ તેમ મારી પ્રસન્નતા પણ વધતી જાય છે.'

આ ક્ષણે મહાભારતનો એક પ્રસંદ યાદ આવે છે. જ્યારે અગ્નિદેવે શ્રીકૃષ્ણને વરદાન માગવા કહ્યું. ત્યારે શ્રીકૃષ્ણે 'પાર્થ

સાથેનો શાશ્વત પ્રેમ માગ્યો.' પણ અહીં 'પાર્થ' એટલે અર્જુન જ નહિ, 'પૃથ્વીના પ્રત્યેક જીવ' માટે પ્રેમ માગ્યો. (આપણે સૌ પાર્થ એટલે પૃથ્વીના પુત્રો છીએ.) આ પ્રસંગ યાદ કરવાનું એક કારણ એ છે કે, પ્રભુનો-ગુરુનો પ્રેમ સર્વને માટે સમાન હોય છે. પણ લોકો સસંદેહ પૂછી બેસે છે :

(૧) આને વધારે ને મને ઓછી કેમ ? તો એનો ઉત્તર એ છે કે, કૃપા તો સમુદ્ર જેવી અસીમ હોય છે. પણ નાનો પ્યાલો લઈ જનાર એવી ફરિયાદ શી રીતે કરી શકે કે બીજાને જગ ભરીને મળી છે ને મને ઓછી કેમ ?

(૨) ગુરુ અમુક વ્યક્તિ પર જ પ્રસન્ન કેમ છે ? એનો અર્થ એ છે કે સૂર્ય ઊગે ત્યારે કોઈ કોઈ કળીઓ જ ખીલે છે, બધી નથી ખીલતી. એને માટે સૂર્યને દોષ દઈ શકાય ? અંતઃક્ષમતા પર એ આધારિત છે.

(૩) મારા પર ઈશ્વરની કૃપા નથી. એ માન્યતા ખોટી છે. સમય પાકતાં તે અનુભવાશે. વ્યક્તિગત પ્રયત્નની આવશ્યકતા છે.—ઈશ્વરને તેના કાર્યની યાદ અપાવવાની જરૂર નથી.

(૪) ઈશ્વરને એનું કામ કરવા દો. તમારા થકી જે થાય તે કરતા રહો. સમય પાકશે ત્યારે જે કૃપા સતત વરસતી જ રહી છે તે અનુભવાશે. અર્થાત્ કૃપા સ્વયં કાર્યરત થશે.

(૫) કૃપા તો નિરંતર હોય છે જ. તમે પાણીમાં ગળાડૂબ હો છો છતાં તરસ્યા હોવાની ફરિયાદ કરો છો.

(૬) સૂર્ય ભલે રોજ પ્રકાશતો હોય પણ એને નિહાળવા એની તરફ નજર ઊંચકવી પડે.

(૭) કૃપા તો સતતવાહી છે જ, એને પામવા પાત્રતા સિદ્ધ કરવી પડે.



અધ્યાત્મમાં તત્ત્વની ઓળખાણ કરવાની છે. પણ સંત સદેહે મળે છે ત્યારે લોકો તત્ત્વને ભૂલીને વ્યક્તિના દેહની પૂજા કરે છે. એટલે સ્થૂળ દર્શન, ચરણસ્પર્શનો મહિમા બહુ વધી જાય છે. લોકોમાં ભ્રમ સેવાય છે કે ગુરુ આવ્યા એટલે આપણું કામ થઈ જશે. પણ તેઓ ઇચ્છા, સંકલ્પ કશું જાણતા નથી. એમને તો પરમનો પ્રેમ લાધ્યો હોઈ એમનું જીવન નિત્ય વૃંદાવન-નિત્ય લીલા મહોત્સવ હોય છે. જિજ્ઞાસુઓમાં સ્વકેન્દ્રી, રાગદ્વેષના વ્યવહાર દેખાતાં, આત્માનું અહિત દેખાતાં, 'કઠોરકૃપા'થી તે દૂર કરે છે.

## ॥ ગુરુનું કાર્ય : શ્રી રમણ મહર્ષિની દૃષ્ટિએ ॥

ગુરુ ભીતર તેમજ બહાર હોવાથી એવા સંજોગો ઊભા કરે છે, જેથી તમે અંતર્મુખ થાઓ. તે 'બહારથી ધક્કો મારે છે અને અંદરથી ખેંચે છે.' જેથી તમે દૃઢ આત્મસ્થિત થઈ જાઓ.

ગુરુ શિષ્યને પોતાની પસંદગીના રસ્તે જવાની છૂટ આપે છે. તેને બળજબરીથી બીજા રસ્તા પર લાવવા કોશિશ કરતો નથી. યોગ્ય ક્ષણે ઉત્તમ માર્ગ તરફ ધીમેથી વાળી દેશે. નહિ તો કોઈ બેફામ ગતિએ, પૂરપાટ જતી મોટર એકદમ અટકાવવા જાય કે બીજે વાળવા જાય તો પરિણામ ભયંકર આવે.

શિષ્ય પોતાના અજ્ઞાનનું આવરણ દૂર થતાં, ગુરુની મહાન કરુણાનો બદલો કેમ વાળવાની મૂંઝવણ અનુભવે તો તે કહે : 'તમારે કંઈ જ કરવાની જરૂર નથી. તમે તમારા સાચા સ્વરૂપમાં જેમ છો તેમ રહો એટલે બસ.'

તમે કદાચ ગુરુને ત્યજી દેશો પણ ગુરુ તમને ક્યારેય નહિ જવા દે.

એ પોતાની જાત અને બીજામાં ભેદ જોતો નથી. ભેદના વૃથા

ખ્યાલોથી સંપૂર્ણ મુક્ત છે. ગુરુની કૃપા આકાશમાં અધ્ધર રહેલી કોઈ દૂરાતિદૂરની વસ્તુ નથી કે ત્યાં સુધી તમારે પહોંચવું પડે. એ વસ્તુતઃ તમારા અંતઃસ્તલમાં જ છે. જે ક્ષણે તમારું મન મૂળ સાથે તદાકાર-એકરૂપ થઈ જશે ત્યારે ગુરુની કૃપા અંતર્ઝરાની જેમ ફૂટશે.

જેના પર કૃપાદૃષ્ટિ થઈ તે નિઃશંક બચાવી લેવાશે. જેમ વાઘના જડબામાં પકડાયેલ શિકાર છટકી શકતો નથી.

ગુરુ મૌન દ્વારા કાર્ય કરે છે. બોલવાથી એમની શક્તિ ક્ષીણ થાય છે. મૌન અકસીર અસરકારક છે. ગુરુનો 'માનસિક સંપર્ક' સૌથી શ્રેષ્ઠ છે.

ગુરુ અવિદ્યાની દવા નથી. એ દર્દીની મૂળભૂત આરોગ્યાવસ્થા પુનઃ પ્રાપ્ત કરાવી આપે છે.

જેમના પ્રત્યે સન્માનની લાગણી થાય, જેમની હાજરીમાં તમારા સંકલ્પ-વિકલ્પ વિલીન થઈ જાય. જેમની પાસે તમને પરમ શાંતિનો અનુભવ થાય તેવી વ્યક્તિને તમે ગુરુ તરીકે ઓળખી શકો.

દીક્ષા માટે ગુરુ ખોજવાની જરૂર નથી. દક્ષિણામૂર્તિ મૌન હતા. શિષ્ય સામે આવ્યો. તેમણે શાંતિ જાળવી ને શિષ્યની શંકાઓ નિર્મૂળ થઈ ગઈ. શિષ્યે પોતાની અલગ પિછાન ગુમાવી દીધી. આ જ દીક્ષા કે જ્ઞાન ! નહિ કોઈ ઠાઠ, ભપકો કે દેખાવ !

ગુરુનું મૌન દીક્ષાનું સર્વોત્તમ રૂપ છે. તે જ્યારે સ્વ-સ્વરૂપમાં હોય છે ત્યારે તેના આત્માની સઘળી ક્ષમતા પ્રગટે છે.

**॥ સાચા ગુરુ જ્ઞાન-સમજણ-સત્ય આપે, ભ્રમ-સાંત્વન નહિ ॥**

એક સ્ત્રી પોતાના ખભા ઉપર એક કાણાંવાળી પેટી લઈને ચાલતી હતી. એક વટેમાર્ગૂએ પૂછ્યું 'આવી પેટી શા માટે ?' તો તે કહે; 'આમાં એક બિલાડી છે.' વટેમાર્ગૂને કૌતુક થયું,



પૂછ્યું; 'બિલાડીનો ભાર શા માટે માથે રાખે છે ?' તો એણે કહ્યું; 'મને સપનામાં ઉંદરો દેખાય છે.' જેનો મને બહુ ડર લાગે છે એટલે એક મનોચિકિત્સકે કહ્યું; 'બિલાડીને સાથે રાખવી સારી'. વટેમાર્ગૂ કહે : 'પણ સપનાના ઉંદર તો કાલ્પનિક છે.' તે સ્ત્રીએ ધીમેથી કહ્યું; 'આ બિલાડી પણ કાલ્પનિક છે.' કાલ્પનિક ઉંદર માટે કાલ્પનિક બિલાડી !

આપણો મોતનો ભય પણ આવો કાલ્પનિક જૂઠો હોય છે. કહેવાતા ગુરુ આપણને મંત્ર આપી કહે; 'રટો આને. મોતનો ભય દૂર થઈ જશે.' તો એ પણ વધારે જૂઠ. ગુરુ તમને તાવીજ આપે તો એ એક વધારે જૂઠ. એનાથી અસ્થાયી સહાયતા મળી જાય પણ તાત્ત્વિક ફેર ના પડે. તમે 'ભયભીત' તો રહો જ છો. પહેલાં એક જૂઠ હવે બીજા જૂઠથી ! પહેલાં ડર હતો ક્યાંક મોત ન આવી જાય ! હવે ડરો છો ક્યાંક તાવીજ ખોવાઈ ન જાય ! તાવીજ ગયું તો તમે ગયા ! આમ એક જૂઠથી બીજું, બીજાથી ત્રીજું એમ જૂઠોની શૃંખલા પેદા થાય છે.

જે શિક્ષણ તમને સત્ય નહિ, સાંત્વન આપે એ ઉચિત નથી. જન્મોજન્મથી 'હું શરીર છું' એવી ધારણા દૃઢ થઈ હોવાથી એનાથી અલગ પડવાનો ખ્યાલ ભીતિ પેદા કરે છે. જે ચેતના છે, મુક્ત છે એને મૃત્યુ શું ગ્રસશે ? એટલે ધ્યાન એના પર કરો. જેમ જન્મ છે, એમ મૃત્યુ છે પણ એ શરીરને છે, તમને નહિ. તમે અજર-અમર-શાશ્વત છો. એ સમજણ જ તમને જૂઠ-અસત્યથી દૂર રાખે છે. 'સત્યનો સમજણપૂર્વક સ્વીકાર' એ જ સાચા સદ્‌ગુરુનો ઉપદેશ હોય છે. તેથી મિથ્યા આદેશો એ આપતો નથી. સદ્‌ગુરુ શીખવે છે.' પરમાત્મા પ્રયાસથી નહિ, પ્રસાદથી મળે છે. પ્રયાસમાં 'હું કરું છું' એવું ભાન રહે છે.

પ્રયાસ કરનાર ચંદ્ર પર પહોંચે, ઍવરેસ્ટ પર ઊભો રહી જાય. પણ 'સ્વયં' સુધી પહોંચી શકતો નથી. અહંકાર ખોવાય તો જ સ્વત્વ ઉઘડે. એ ઉઘાડનું નામ જ પરમાત્મા છે.

૪૦ વર્ષ સાથે રહ્યા બાદ બુદ્ધથી છૂટા પડવાના વિચારથી આનંદ રડવા માંડ્યો. ત્યારે બુદ્ધે કહ્યું; તારી અક્કડ કે તું બુદ્ધ સાથે છે, એ જ અવરોધ બની ગઈ. આટલું બધું કર્યા પછી પણ તારી જીદ ન ગઈ. હવે એક જ ઉપાય 'હું અદશ્ય થઈ જાઉં તેથી તું એકલો રહી જાય.' બધા જ સહારા છિનવાઈ જાય પછી તારા અહંકારને ઊભા રહેવાની જગ્યા ન મળે.' તમે તો બુદ્ધને ગુરુપ્રાપ્તિને પણ 'અહંકારનું સિંહાસન' બનાવી દો છો !

એટલે બે જ ઉપાય છે : ક્યાં તો કંઈ જ ન કરો. નિષ્ક્રિય થઈ જાઓ. અથવા કરવાવાળો પરમાત્મા છે. તેના ઉપકરણ બની જાઓ. પ્રયત્નશૂન્યતા દ્વાર છે. આંખ-મન-હૃદયને ખાલી કરતાં તમે અનુભવશો કે ભીતર કોઈ ધારા, પ્રકાશની ધારા ફૂટી રહી છે. વાટ-તેલ વિનાનો દીપ જલી રહ્યો છે; જે તમારો આત્મા છે.

સંતો તમને મુક્ત કરવા આતુર હોય છે. તે તમને મુક્ત આકાશમાં પાંખ પ્રસારવા કહે છે ને તમે પિંજર બનાવી બંદીવાન બનવા ચાહો છો ! તમે એક જ કામ કરો 'જે ચાહો છો તે નહિ, જે દેખાય છે તે જુઓ.' પછી જે છે તે પ્રગટ થઈ જશે. નામ આપી, નામના ખેલમાં ન પડો. મનનાં પ્રોજેક્શન-માયાનો ફેલાવો દૂર કરી ચિત્તને નિર્મલ કરો, વાસના નિર્મૂલ કરો. 'અનાહત'નાદ સંભળાશે. પરમાત્મા દૂર દેખાય છે પણ એનાથી નજીક બીજું કશું નથી.



## ॥ સાચા સદ્ગુરુનાં લક્ષણો ॥

સાચા સદ્ગુરુનું મુખ્ય લક્ષણ એ છે કે તેઓ સાધકને પોતાનામાં ન જોડતાં, સર્વવ્યાપક પરમાત્માની સાથે જોડી દે છે. થોડીક સિદ્ધિ કે ચમત્કારો બતાવી પોતાની વાહવાહમાં જોડી દઈ, પોતાની જાતને પૂજાવી, ભગવાનને નામે વેપાર કરતા નથી.

૧. શરીર-મનને શિસ્તબદ્ધ કરવા જે તાલીમ જરૂરી છે તે તાલીમ આપે છે.

૨. બાહ્ય ધર્મ નહિ, માનવધર્મ-કરુણા, પ્રેમ, સત્કર્મ, સેવાનો રાહ ચીંધે છે. એ નિર્જીવ ક્રિયાકાંડ છોડી, 'જીવંત સ્વધર્મ' બજાવે છે.

૩. એને કોઈ વાદ, એનો કોઈ દાવો નથી હોતો. એ સિદ્ધને કોઈ સિદ્ધાન્ત નથી હોતો.

૪. એ સત્ય જ સમજાવે છે, સત્ય એના થકી બોલે છે.

૫. સૌની અંદર એક અખંડ જ્યોતિનું પ્રજ્વલન એમણે જોયું હોય છે.

૬. એમના દ્વારા જનજાગૃતિનું અદ્ભુત કાર્ય થાય છે.

૭. માણસની કિંમત નાત-જાત નહિ, એના સંસ્કારો છે એટલે માનવમૂલ્યોની પ્રતિષ્ઠા કરી, જન્મથી નહિ, કર્મથી માણસ શ્રેષ્ઠ બને છે એમ કહે છે.

૮. અંધશ્રદ્ધા, વહેમ, અજ્ઞાનતા દૂર કરવા ઢોંગ, આડંબર, દંભ પર ચાબખા મારે છે.

૯. માનવજીવનની ક્ષણભંગુરતા, સંસારની માયા સામે ચેતવણી આપે છે.

૧૦. માનવજન્મ સાર્થક કરવાની ચાવી આપે છે.

૧૧. મહત્ત્વનો જીવનસંદેશ-કબીર કહે છે તેમ.

'કર સાહેબકી બંદગી, ભૂખે કો કુછ દે'

૧૨. ઈશુની મહત્તા રોગ મટાડવાના ચમત્કારમાં નથી પણ તેમની આધ્યાત્મિક શક્તિ, વિશાળ પ્રેમ અને સત્યવચનો આજ સુધી ટકી રહ્યાં છે. દૃષ્ટિમાત્રથી મનુષ્યના રોગ મિટાવી દેવાનો ચમત્કાર વિસરાઈ ગયો છે પણ 'પવિત્ર હૃદયવાળા ધન્ય છે' શબ્દો આજ સુધી ટકી રહ્યા છે.

૧૩. સદ્ગુરુ આત્માની અદ્ભુત શક્તિની પહેચાન કરાવે છે. જેથી પ્રકૃતિ પર પ્રભુત્વ કરી, ઈશ્વરદર્શન કરી શકે.

૧૪. કોઈપણ કાર્ય-યોજના-વ્યવસ્થાના માધ્યમથી આપણા અને પરમાત્મા વચ્ચે સત્કર્મનો સેતુ બને જે આપણા અસ્તિત્વનો પર્યાય બની જાય—જીવન યજ્ઞ બની જાય.

## ॥ ભૌતિક જીવન અને આધ્યાત્મિક જીવન બે ખંડ નથી ॥

જીવાતા જીવનને જ જોઈએ તો જીવન સતત ગતિશીલ હોય છે. ક્યાંય સ્થગિત થતું નથી. એની દરેક અવસ્થાનું પોતાનું એક સૌન્દર્ય છે. બાળક અબોધ, નિર્દોષ હોય છે. યુવાન સપનાં-મહત્ત્વાકાંક્ષાથી છલોછલ, એની ઊર્જા-ગતિ તમને મદહોશ કરી દે. વૃદ્ધમાં ઉત્તેજના-જોશ નહિ, બધા 'અનુભવોનો નિખાર.' ન બાળપણની મસ્તી, ન યુવાનીની ઉચ્છ્રૃંખલતા, શાન્ત-સ્થિર ચિત્તની પરિપક્વ સ્થિતિ, હોય.

એટલે 'શરીરયાત્રા પણ શબયાત્રા જ નથી, શિવયાત્રા છે.' આ શિવયાત્રા કાજે જે પૈસા, ધન, સંપત્તિની કમાઈ છે. એ પણ આધ્યાત્મિક કર્મ છે. તેથી એ માટે એટલી જ સાવધાની જરૂરી, જે જપ કરતી વખતે રાખીએ ! —ભૌતિક જીવન અને આધ્યાત્મિક જીવન એમ જીવનના બે ખંડ નથી.

છેલ્લે, સદ્ગુરુ પાસે સ્વયંમાં શ્રદ્ધા આવી જાય છે.



પૂ.શ્રી'મા'ને નિહાળતાં લાગે છે કે, આપણી સાથે એક શક્તિ એક નૂર છે. જે હંમેશાં આપણી રક્ષા કરી રહ્યું છે. એ નૂર આપણી ભીતર, આપણા અસ્તિત્વ સાથે ઓતપ્રોત થઈ જાય તો પ્રભુશ્રદ્ધાને સમાંતરે આત્મશ્રદ્ધા છલોછલ થઈ જાય. પછી તો બધું જ સહજ. આનંદમય બની જાય. આપણી સમગ્ર જીવનયાત્રા જ સાર્થક બની જાય.

'સ્વર્ગારોહણ' આવતા પ્રત્યેક જિજ્ઞાસુની પ્રત્યેક શુભ વૃત્તિ-પ્રવૃત્તિ પ્રતિફલિત થવાનું એકમાત્ર કારણ પૂ.શ્રી 'મા'ની અનહદ કૃપા અને એમાં રહેલી અમીટ શ્રદ્ધા છે. આ શ્રદ્ધાનો કોઈ વિકલ્પ નથી. શ્રદ્ધાના આકાશથી કોઈ આકાશ મોટું નથી.

## ॥ ગુરુ વ્યક્તિ નથી, તત્ત્વ છે, આપણા સત્ત્વને જગાડનારું તત્ત્વ છે ॥

એ જાણવા-સમજવા ગૌતમબુદ્ધના જીવનનો એક પ્રસંગ લઈશું. બુદ્ધ પાસે એક વિદ્વાન શિષ્ય પ્રશ્નો-સમસ્યાઓના નિરાકરણ માટે આવે છે. ત્યારે બુદ્ધે કહ્યું એક વર્ષ પછી આવજે. અને આ એક વર્ષ ધ્યાન-મૌનમાં વીતાવજે. એ તો ધ્યાનમાં બેસી ગયો. વર્ષ ક્યાં ગયું ખબરેય ન પડી. બુદ્ધ પાસે જવાનું પણ ભૂલી ગયો. બુદ્ધે સામેથી બોલાવ્યો, બોલ તારી શું સમસ્યા છે ? ત્યારે પેલાએ કહ્યું; હવે કોઈ પ્રશ્ન-સમસ્યા, છે જ નહિ. એટલે બુદ્ધે કહ્યું, 'તારી ભીતરનો કોલાહલ એક વર્ષના મૌનમાં એની મેળે શાન્ત થઈ ગયો.' દરેકે આ જ કરવાનું છે. મનુષ્યના દરેક પ્રશ્નનો ઉત્તર-ઉકેલ તેના મૌનથી જ મળી જાય છે. પૂ.શ્રી'મા' પણ રહી-રહીને આ જ કહે છે કે 'તમે જ તમને મળો !' 'તમે જ વકીલ, તમે જ તમારા ન્યાયાધીશ' આનાથી મોટું તાત્ત્વિક સત્ય બીજું કયું હોય ?

**—('સ્વર્ગારોહણ'માં 'ગુરુપૂર્ણિમા'ના દિને વાર્તાલાપ)**

## ॥ શ્રદ્ધા : આત્મામાં રહેલી નિશ્ચિતતા ॥

શ્રી અરવિંદ સરસ કહે છે : 'શ્રદ્ધા આત્મામાં રહેલી એક એવી 'નિશ્ચિતતા' છે કે જે તર્ક, માનસિક વિચાર, સંજોગ કે બદલાતી અવસ્થા પર આધાર રાખતી નથી.'

શ્રદ્ધા ઢંકાઈ જતી લાગે, તેને ગ્રહણ લાગી શકે, પરંતુ તોફાન શમી જતાં-ગ્રહણ સમાપ્ત થઈ જતાં તે ફરી પાછી દેખાડે છે.

જ્યારે વ્યક્તિને લાગે કે તે સદાયને માટે ઓલવાઈ ગઈ છે ત્યારે આત્મામાં નિશ્ચલ જલતી હોય છે.

મન શંકાઓનો ચંચલ સમુદ્ર હોય છતાં છેક અંદર શ્રદ્ધા રહેલી હોય એમ બની શકે.

શ્રદ્ધા આત્માના આધ્યાત્મિક, દિવ્ય આદર્શની એક એવી નિશ્ચિતતા છે કે જે પોતે જીવનમાં સાકાર થતી ન હોય ત્યારે પણ તત્કાલીન હકીકતો કે સંજોગો ઈન્કાર કરતા લાગે ત્યારે પણ તે પેલા દિવ્ય આદર્શને વળગેલી રહે છે.

ધમ્મપદમાં કહ્યું છે : 'સૂસવતો પવન મોટા ખડકને કંઈ જ કરી શકતો નથી તેવી જ રીતે મનુષ્યની પાસે અચળ શ્રદ્ધા છે. જે તેની શક્તિઓને વેડફી નાંખતો નથી.'

પોતાનો જન્મ સાક્ષાત્કાર કરવા માટે જ થયો છે અને પોતે સાક્ષાત્કાર કરશે જ. —આ ઈચ્છાશક્તિ કદીય ડગમગવી ન જોઈએ. પ્રયત્ન ખંતભર્યો હોય ને શ્રદ્ધા અચળ હોય તો વર્ષોને બદલે મહિના-થોડા દિવસો-કલાકોમાં (જો તીવ્રતા પૂર્ણ હશે તો) સાક્ષાત્કાર થાય.

મેં શરૂઆત કરી છે, હું પાર ઊતરીશ એમ કહેવાને બદલે લોકો ત્યાં ને ત્યાં જ ઊભા રહી, અટકી પડે છે અને 'હું સફળ



નહિ થઈ શકું.' એમ કહી, માર્ગ છોડી દે તો ક્યારેય સફળ ન જ થાય. આનું નામ 'શ્રદ્ધા ગુમાવી દેવી.' શ્રદ્ધા રાખવી એટલે 'મારે મુશ્કેલીઓ છે, છતાં હું આગળ જઈ જ રહ્યો છું.'

આધ્યાત્મિક જીવનમાં જ નહિ, સામાન્ય જીવનમાં પણ માણસ શ્રદ્ધાના બળે જ કામ શરૂ કરે છે. અને નિરાશા-નિષ્ફળતા લાગવા છતાં આગળ વધે જ જાય છે. કેમકે તેમનામાં 'કંઈક' એવું છે જે તેમને કહે છે કે 'આ જ સત્ય છે, આ જ વસ્તુની પાછળ મંડવાનું છે.'

શ્રી રામકૃષ્ણે તો એટલી હદ સુધી કહ્યું કે, 'અંધશ્રદ્ધા જ રાખવા જેવી એકમાત્ર શ્રદ્ધા છે, કેમ કે શ્રદ્ધા ક્યાં તો અંધ હોય છે. અથવા તો તે શ્રદ્ધા નહિ. બીજું કંઈ હોય છે.'

કેટલાક સાબિતી વિના માનતા નથી. પણ શ્રદ્ધા તો સાબિતી કે જ્ઞાન પહેલાં હોય છે.

'ભગવાન છે અને ભગવાન એકમાત્ર તત્ત્વ છે. જેને પામવાનો પુરુષાર્થ કરવો જોઈએ તેની સરખામણીમાં બીજું કંઈ જ પામવા જેવું નથી.' જો માણસ પાસે આ શ્રદ્ધા હોય તો તેનું નિર્માણ નિઃશંક આધ્યાત્મિક જીવને માટે થયેલું છે. પછી ભલેને તેની પ્રકૃતિમાં વિદ્વત્તા ભરપૂર હોય અને ઈન્કારો-મુશ્કેલીઓ ઠાંસી ઠાંસીને ભર્યો હોય, ભલે તેને વર્ષો સુધી મથામણો કરવી પડે, તેમ છતાં તેની સફળતા નિર્મિત છે.

વિમલા ઠકાર કહે છે : 'શ્રદ્ધા એ કોઈ માન્યતા, ભોળી શ્રદ્ધાળુતા કે પરંપરાગત રીતે ઉતરી આવેલી વાતોનો આંધળો સ્વીકાર નથી. પરંતુ વિશ્વમાં અસ્તિત્વ ધરાવતું ગતિશીલ બૌદ્ધિક બળ જે દરેક વસ્તુનું સંચાલન કરે છે, જે તમારું સંચાલન પણ

કરે છે, તેમાં જો શ્રદ્ધા પ્રગટે તો તે મદદ કરે છે.'

આપણો વૈશ્વિક શક્તિ સાથે સંબંધ છે. આપણે વિશ્વની બહાર નથી. વિશ્વની વચ્ચોવચ આપણું અસ્તિત્વ છે, અખિલાઈ સાથે આપણે સંકળાયેલા છીએ આપણે આ સંવેદન સાથે પ્રગટ થયા છીએ. આ 'સત્ય' જ્યારે સમજાય. આત્મસાત્ થાય ત્યારે શ્રદ્ધા આકાર લે છે. જે આપણને મદદ કરે છે.

શ્રી રમણ કહે છે : 'ઈશ્વરમાં દૃઢ શ્રદ્ધા રાખીને નિશ્ચિંત થઈ શકાય છે. પરંતુ આ બાબતમાં સહેલાઈથી વિશ્વાસ ન થતાં માણસો પૂછે છે.' ઈશ્વર કોણ છે ! એનો સાક્ષાત્કાર કેવી રીતે થાય ? વગેરે. અલબત્ત, બૌદ્ધિક સમાધાન થતાં સંનિષ્ઠ સાધક અભ્યાસમાં લાગી જાય છે. સર્વશક્તિમાન ઈશ્વરમાં દૃઢ શ્રદ્ધાને કારણે મનુષ્ય સદા પૂર્ણપણે પ્રસન્ન રહે છે.

શ્રી રામકૃષ્ણ કહે છે : 'માણસમાં જો શ્રદ્ધા આવી ગઈ તો થઈ ચૂક્યું. શ્રદ્ધાથી મોટી બીજી કોઈ ચીજ નથી.'

પુરાણમાં કહ્યું છે કે, રામચન્દ્ર જે સાક્ષાત્ બ્રહ્મનારાયણ, તેમને લંકા-પહોંચવા સારુ સેતુ બાંધવો પડ્યો પણ હનુમાન રામનામમાં શ્રદ્ધા રાખીને એક જ છલાંગે સમુદ્રની પેલે પાર કૂદી પડ્યા. તેમને સેતુની જરૂર ન પડી.

વિભીષણે એક માણસ કે જેને સમુદ્ર પાર કરવો હતો, તે માણસના લૂગડાના છેડે રામનામ લખીને એક પાંદડું બાંધી દીધું અને કહ્યું; 'તારે બીવું નહિ. તું શ્રદ્ધા રાખીને પાણી ઉપર થઈને ચાલ્યો જજે હોં. જો શ્રદ્ધા ગુમાવીશ તો તરત જ પાણીમાં ડૂબી જઈશ.'

એ માણસ તો મજાનો સમુદ્રની ઉપર થઈને ચાલતો હતો એવામાં તેને કુતૂહલ થયું કે લૂગડાને છેડે શું બાંધ્યું છે તે એકવાર



ઉઘાડીને જોઉં. તેણે ઉઘાડીને જોયું તો માત્ર રામનામ લખ્યું હતું ! તેને વિચાર આવ્યો કે આ શું ? આમાં તો માત્ર 'રામ' નામ જ લખ્યું છે ! જેવી અશ્રદ્ધા આવી કે તરત જ તે પાણીમાં ડૂબી ગયો. બહાર ગમે તે મુશ્કેલીઓ હોય, અંદર ગમે તે નબળાઈઓ હોય પણ જો તમે તમારી શ્રદ્ધાને અને અભીપ્સાને દૃઢતાથી વળગી રહેશો તો 'છૂપી ભાગવતી શક્તિ' તમને પેલે પાર લઈ જશે.

અવિશ્વાસ અને કહ્યું ન માનવાનું વલણ અસત્ જેવાં હોય છે. તે દિવ્ય શક્તિના કાર્યમાં દખલ દે છે, તેને પૂર્ણપણે કામ કરતાં અટકાવે છે અને સંરક્ષણની શક્તિને ઓછી કરી નાંખે છે.

ભક્ત ભગવાનનો અનુભવ કરે તે પહેલાં ઘણાં લાંબા સમયથી તેને ભગવાનમાં શ્રદ્ધા હોય છે.

શ્રદ્ધા બૌદ્ધિક માન્યતા નથી. આત્માનું સ્વાભાવિક કાર્ય છે. જ્યારે જ્યારે મારી માન્યતા લથડી છે, નિષ્ફળ ગઈ છે ત્યારે ત્યારે મારો આત્મા અડગ રહ્યો છે. અને તેણે હઠપૂર્વક આગ્રહ રાખ્યો છે : 'આ જ માર્ગ અને બીજો કોઈ જ નહિ. મને જે દિવ્ય સત્ય લાગ્યું છે તે જ એક માત્ર સત્ય છે, પછી ભલેને મન ગમે તે માને.'

અહંકારમાંથી મુક્તિ આધ્યાત્મિક દૃષ્ટિએ મૂલ્યવાન છે કેમકે પછી તે વ્યક્તિ 'સ્વ'માં કેન્દ્રિત રહેતી નથી, ભગવાનમાં કેન્દ્રિત થઈ શકે છે, તે ભક્તિ માટેની શરત છે.

—સંકલન

**'મોંકો કહાં ઢુંઢત બંદે, મૈં તો તેરી પાસ રી;**
**ના મૈં દેવલ, ના મૈં મસ્જિદ, ના કાબે કૈલાસ મેં;**
**મૈં તો સિર્ફ વિશ્વાસ મેં.'**

# ।। જીવનનું લક્ષ્ય : શુદ્ધીકરણ ।।

માનવજીવનનું લક્ષ્ય પ્રાકૃતમાંથી સંસ્કૃત બનવાનું છે. દેહનું શુદ્ધીકરણ જરૂરી. ખાણમાંથી સોનું અશુદ્ધ-અપરિષ્કૃત સ્વરૂપમાં મળે છે તેને શુદ્ધ કરવામાં આવે છે. તે રીતે હાડ-માંસ-ખૂન-મજ્જાઓની બનેલી આ કાયામાં સુવર્ણ પડ્યું છે-'આત્મતત્ત્વ'નું, આપણી સંજીવક ઊર્જાઓનું તેને 'પરિશુદ્ધ બનાવવું' એ જ આપણું જીવન છે. જીવન એક પરિશુદ્ધ કરવાની પ્રક્રિયા છે.

સાધના દ્વારા અશુદ્ધિને હટાવવાની છે.

અધ્યાત્મ પ્રાપ્તિનો નહિ, શુદ્ધીકરણનો વિષય છે. પ્રાક્-આરબ્ધમ્ તે પહેલેથી શરૂ થઈ ચૂક્યું છે, તેને સાધનાનું માધ્યમ બનાવવું જોઈએ. તેની સામે તકરાર નહિ, ફરિયાદ નહિ. તેને જ ધર્મક્ષેત્ર-કુરુક્ષેત્ર બનાવી લેવું ઘટે. તેમાં પોતાની ભૂમિકા શું છે તે સમજી લઈ, શુદ્ધીકરણનો પ્રારંભ જીવતાં-જીવતાં જ થતો જાય.

શુદ્ધિમાં સામર્થ્ય છે, તે અશુદ્ધિની શક્તિને હરી લે છે. વિવેક અને સમજણથી અહીં પહેલું પગલું ભરી શકાય છે. શરૂઆત-શરીરના આહાર વિહારના સ્તર પર શુદ્ધીકરણ શરૂ કરો.

આપણે જ્યાં છીએ, જે પરિવારમાં છીએ જે વ્યવસાયમાં છીએ ત્યાંથી પ્રારંભ કરી શકાય.

ચેતનાના બધા સ્તરે શુદ્ધીકરણ થવું જોઈએ. જે નિત્ય શુદ્ધ-બુદ્ધ છે એ આવરણોમાં છે તો તેને (શરીરને) પહેલાં શુદ્ધ કરો.



શરીરશુદ્ધિની સાથે સાથે સજાગ, સભાન રહીને, આંતરવિશ્વ અને બાહ્ય વિશ્વની વચ્ચે જે સેતુરૂપ છે તે 'વાણીના શુદ્ધીકરણ તરફ ધ્યાન આપવું જોઈએ.'

વાણી સંતુલિત હોય, અંદર જે 'હેતુ' છે અને તમારી 'વાણી' છે અને તેની સાથે 'કર્મ' થાય છે-એ ત્રણની સંગતિ સાધવાની છે.

એમાં અતિશયોક્તિ નહિ, અન્યથા વચન નહિ. આડા-અવળા, વાંકા-ચૂકા શબ્દો નહિ, અર્ધસત્ય-અર્ધ અસત્ય નહિ.

વિનોદ-ઉપાલંભમાં-અસાવધાનીનો શબ્દ ન નીકળે. પાંચ શબ્દોથી ચાલે તો પચીસ નહિ વાપરવાના.

બોલવામાં જીવનશક્તિ ખરચાય છે. નાદમાં અગ્નિ અને જળ બે તત્ત્વો છે, બોલવાથી એ બંનેનો વ્યય થાય છે. સંજીવક શક્તિનો દુર્વ્યય ન કરો.

શુદ્ધ વાણીમાં એક પ્રકારની પરિપક્વતા છે. એ અદ્‌ભુત પરિપક્વતામાંથી શુદ્ધિ આવિષ્કૃત થાય છે. તેમાં આંતરશુદ્ધિની સુગંધ હોય છે.

જેટલું આવશ્યક હોય એટલું જ બોલવું. મધુરભાષી બનીને બોલવું. મધુર એટલે અસત્ય નહિ. પણ જે 'સત્ય' છે તે. 'વાઙ્મય તપ'થી દરેક જગ્યા (ઘર ઑફિસ) તપોભૂમિ બની જાય.

'સત્ય પ્રિયહિતં ચ યત્ વાઙ્મય તપ ઉચ્યતે ।' મંદિરમાં બેસીને ભજન ગાવાં સહેલાં છે. પણ સમગ્ર જીવનને જ 'સાધનાનું ક્ષેત્ર' બનાવવામાં આવે. પ્રત્યેક વ્યવહારને જ 'શુદ્ધીકરણની પ્રક્રિયા' બનાવાય.

તમારી જીવવાની પ્રક્રિયામાં-શ્વાસોચ્છ્‌વાસમાં શુદ્ધીકરણની

અનંત સનાતન પ્રક્રિયા ચાલ્યા જ કરે છે ને ! બહારથી શુદ્ધ હવા લઈ, અંદરની અશુદ્ધિઓને બહાર કરવાની પ્રક્રિયા જ તો જીવન છે !

ચિત્તના વ્યાપારનું અવલોકન :

તમારા ચિત્તમાં શું પડેલું છે તે જોઈ લેવાય, નિરીક્ષણ થાય તો 'સ્વપરિચય' થાય. પછી આત્મવંચના, છલના, પ્રતારણા વ્યવહારમાં અસંભવ બની જશે.

ગુસ્સો આવી જાય, સંતુલન જતું રહે, જોરથી બોલાઈ જાય, અવાજ આક્રમક બની જાય તો ક્ષમા માગી શકાય.

'માનવીય વ્યવહાર' શુદ્ધીકરણનો પર્યાય બની જાય. ગંગાજી ન જાઓ તો ચાલે જીવન જ ગંગાજી જેવું બની જાય. એની પુનિતતા-શીતલતા વ્યવહારમાં છલકે.

આમાં પ્રાયશ્ચિતથી શુદ્ધિ આવી જાય. અંદરની વિકૃતિઓની જાણ થાય.

માનવીય સંબંધોમાં જો વ્યવહારનું શુદ્ધીકરણ સધાય તો જીવન કૃતાર્થ થઈ જાય.

વિચાર-વાણી-વ્યવહાર, હેતુ અને આચરણ આપણા હાથમાં સાધનાનું ક્ષેત્ર છે. મનુષ્યદેહ પરવશ નહિ, આત્મવશ રહે.

ભગવત્‌સત્તા અને પ્રાણીસત્તાનું સંગમસ્થાન છે શરીર. ચિત્ત શુદ્ધ થયા પછી પણ સંસ્કારોને કારણે કંઈક શેષ રહી જાય છે. જેની મૌનમાં નિરીક્ષણથી જાણ થાય છે. વ્યવહારમાં અસત્ય, પાખંડ, ઢોંગ ક્યાંથી આવ્યા ? તેનું દર્શન થશે. અંદરની ચેતનાનું બચાવરહિત દર્શન ! આ 'અવલોકન માત્રેણ શુદ્ધયતે' એ આનુવંશિક છે, સામાજિક છે કે ખોટી સંગતને કારણે છે



એની ટીકા-ટીપ્પણ કર્યા વિના, તેને માત્ર જોઈ લેવાનું છે. તમે તેનાથી બીજાને છેતરશો નહિ અને પોતાને પણ નહિ છેતરો.

આમ, સજગ વ્યવહાર, સભાનતાપૂર્વક વાણીવ્યાપાર અને પ્રાંજલ આત્મનિરીક્ષણ પછી સુધરેલો શુદ્ધ વ્યવહાર થાય. આ ત્રિવેણીનું આગળનું કામ જીવન સંભાળી લેશે.

જો આપણે માનવતાના પાત્રમાં-રગરગમાં સમાયેલું-દિવ્યતાનું અમૃત સમાજમાં પ્રગટ થવા દેવું હોય તો આ 'પાથેય' કામ આવી શકે.

પછી મુક્તિ, સ્વાધીનતા મને ગમે છે કે બંધનો ? તે મારે નક્કી કરવું રહે.

પણ એક પ્રામાણિકતાને કારણે કોઈ દિવસ સંભવ છે કે 'મુક્તિની આકાંક્ષા' જાગી ઊઠે. જ્યાં કોઈ આપ પર નિર્ભર નથી, આપ કોઈ પર નિર્ભર નથી–એ 'The Divine aloneness with Life' સિદ્ધ થશે.

આંતરિક મુક્તિ એટલે આલંબનરહિતતા. પછી સ્પષ્ટ સમજાશે કે; 'બહારથી જે શરીરમાં, મનમાં, બુદ્ધિમાં રહેવાનું છે, તે cage-પિંજરું નથી, તમારો નિવાસ છે, તેમાં રહેવાનું છે.' પણ આમાં પરવશતા નથી-ન ઈન્દ્રિયોની, ન સામાજિક મૂલ્યાંકનોની, ન મૃત્યુના ભયની. એ 'ચેતનાની સ્થિતિ'માં તરવાનું છે. બધાના હૃદયમાં સત્ય, ધર્મ, આત્માની જિજ્ઞાસા જાગૃત થાઓ અને 'તે જિજ્ઞાસાથી ઉપલબ્ધિની યાત્રા' છે તે ચાલતી રહે. 'તન્મે મનઃ શિવસંકલ્પમસ્તુ.'

**–સંકલન**

**(શ્રી વિમલાજીના પ્રવચન પર આધારિત)**

## ॥ શ્રી'મા'ની શ્રીકલમે 'સદ્‌ગુરુ'ની છબી ॥

* સ્થૂળ સેવાની જરૂર નથી. જાગતાં-ચેતતાંય સદ્‌ગુરુની ભક્તિ થયા કરે.
* ગુરુઆજ્ઞા આચરી બતાવવાની ઉત્કંઠા જોઈએ.
* તમે ભાવનાયુક્ત વર્તન કરી કરી એવી ગુરુદક્ષિણા ગુરુચરણે ધરો.
* ગુરુ ક્રમે ક્રમે સદ્‌ગુરુ, પરમગુરુ ને જીવનસર્વસ્વરૂપે બિરાજે.
* સંતોની સતત હાજરી મનથી અનુભવવી એ પણ કૃપા છે.
* ફળો ચિત્રોમાં જોઈએ અને ખાઈએ તેમાં ફેર. તેમ સદ્‌ગુરુનું સ્વરૂપ જોઈએ અને તેમનું પ્રત્યક્ષ દર્શન કરીએ એમાં ઘણો ફેર.
* સાધકમાં દિવ્યભાવ ને બદલે મનુષ્યભાવ આવી જતાં જેટલો આગળ આવે એટલાં જ ડગલાં પાછા જતા રહે. દિવ્યભાવ પણ ગુરુકૃપાથી જ ટકતો હશે.
* ભક્તો ઉપર ઊઠતા નથી. તેમના છીછરાં મન જોઈ સદ્‌ગુરુનું મન ઉપરામ થઈ જાય છે.
* પ્રેમ કરો પણ બંધાઓ નહિ, ગુરુમાં પણ નહિ. નહિ તો વિકાસ રૂંધાઈ જશે.
* ગુરુ દંડ લઈ દોડે જરી, કાચાપોચા તો ભાગે અહીં !
* ગુરુ પાસે ફૂલોનો દંડો હોય છે.
* ગુરુની આરતી રોજ ઉતારો, દીવાઓ વધારતા જાઓ.
* સાધકને જે યોગ્ય હોય તે જ મંત્ર ગુરુ તેને આપે. પોતાનો મંત્ર સૌ પર ના લાદે.



* નામ જ તીર્થ છે એટલે જ શિવનું સ્વરૂપ સાકાર સદ્‌ગુરુરૂપે પ્રગટીને તમને શિવ પ્રતિ દોરે છે.
* સદ્‌ગુરુ પાછળ આટલાં વર્ષોથી દોડો છો તો જ બીજી બધી દોડ હળવી થઈ છે.
* ગુરુકૃપા તમને મળી ગઈ છે એ તમારી કમાઈ છે.
* ગુરુને જો કામ જ કરવું હોય તો તે ઝાડુ લઈને ખૂણેખાંચરેથી કચરો સાફ કરે છે. જીવનઆંગણે ઊભા રહેવાની ઈચ્છા હોય તો પ્રભુ જાતે જ સફાઈ કરવા મંડી પડે. એ કંઈ ઉકરડા પર થોડું આસન તૈયાર કરે ? એટલે ચિત્તશુદ્ધિ પણ પ્રભુપ્રેરિત જ હોય.
* ગુરુ તો દર્પણ છે. આપણી મનોદશાનો જ ફોટોગ્રાફ પાછો આપે. આપણી અંતરંગ દશાનો જ પ્રતિધ્વનિ આપે.
* ગુરુને માલિક તરીકે સ્થાપશો તો તમારા અહમ્ પર ચોટ માર્યા કરશે.
* સદ્‌ગુરુના સંગથી જાગી જવાય. અન્ય લાખ ઉપાય કર્યાથી ન જગાય.
* ગુરુનો દંડ નહિ, દંડનો છેડો અડતાં જ આપણને લાગે છે કે એનાથી જાગ્યા કારણ કે દંડ નહિ, દંડની પાછળ રહેલો ચૈતન્યવંતો હાથ જગાડે છે.
* શિષ્યનો સમર્પણભાવ જોઈને શ્રીગુરુ પથ્થરમાંથી પણ પ્રતિમા ઘડવાની પ્રક્રિયા શરૂ કરે છે. આ પ્રક્રિયામાં તેઓ કેટલીકવાર કઠોર પણ બને છે. પરંતુ નિષ્કારણ કરુણા સિવાય તેમના અંતરમાં બીજું કંઈ જ હોતું નથી. તેમને

શિષ્યની એટલે તેના મનની નહિ, તેના આત્માની જ ચિંતા હોય છે. જેમ કુંભાર માટીમાંથી ઘડો એક હાથથી થાપી, બીજા હાથથી ખૂબ સંભાળીને ઘડતર કરે, જેથી ઘાટ ઘડાય. સહારો આપે. જેથી ફૂટે નહિ; ગુરુ પણ તેમ જ કરે.

* જે ભક્ત ગુરુને અન્ય ભક્ત સમક્ષ તટસ્થ રીતે મૂકી આપે એ સર્વનો સન્માન્ય બને.
* સંતકૃપા તણખલાને કનકવર્ણું બનાવે છે.
* શીરો ચોંટે નહિ, ગોળગોળ ફરે, એમ જે લેપાયા વિના ગોળગોળ ફરે તેને ગુરુ આંતર્દ્રષ્ટિ આપે.
* ગુરુ પ્રત્યેનો સમર્પણભાવ દરેકને ધર્મના ગહન સત્ય તરફ લઈ જાય છે.
* એકનિષ્ઠ ભક્ત પોતાના માર્ગથી કદી ચ્યુત થતો નથી.
* સદ્‌ગુરુ દુઃખ, પીડા, અશાન્તિની ભાગ્યદોરી તોડી એવા ભાગ્ય સાથે જોડે કે અંધકાર પૂર્ણિમા થઈ જાય.
* જપતપનું ભાથું ‘કંઈક’ પ્રગટાવવાને અસ્તિત્વની બાદબાકી કરીને ગુરુમાં જ અધિષ્ઠિત કરાવી દે છે.
* ગુરુમાં શ્રદ્ધા અખંડ રહે તો જ કામ થાય.
* સદ્‌ગુરુનું શરણ મળવું એ પણ સાધનાનું એક ફળ છે.
* કોઈને કાદવમાંથી બહાર કાઢવા સદ્‌ગુરુએ નીચે ઊતરવું પડે છે. કાચા હોય તો કાદવમાં ફસાઈ જાય પણ સમર્થ પાકા ગુરુ તેને અવશ્ય બહાર કાઢશે.

**—‘શબ્દસંનિધિ’**

**(‘મા’ સર્વેશ્વરી)**



## ॥ ગુરુ ॥

* જ્યાં સુધી શરીર સાથેનું તાદાત્મ્ય છે, દેહભાવ છે ત્યાં સુધી બહારના ગુરુની આવશ્યકતા રહે છે. તે દૂર થતાં ગુરુ આત્માસ્વરૂપે સમજાવા લાગે છે.

* તમે પોતે જેવા છો તેવા ગુરુને તમે કલ્પો છો. તમે દેહધારી છો એટલે તેને પણ દેહધારી માનો છો, જેથી તમારા માટે તે કંઈ સ્પર્શક્ષમ કાર્ય કરી શકે, પણ એનું કાર્ય તો ભીતર અધ્યાત્મ-પ્રદેશમાં રહેલું છે.

* ગુરુ નિઃશંકપણે અનિવાર્ય છે અને ઉપનિષદો પણ તેમ કહે છે. એ જરૂરી નથી કે ગુરુ માનવસ્વરૂપે જ હોય.

* ગુરુ અંદર તેમજ બહાર પણ છે એટલે તે એવા સંજોગો ઊભા કરે છે કે જેથી તમે અંતર્મુખ થાઓ. સાથોસાથ અંદરના પ્રદેશની એવી તૈયારી કરે છે કે જેથી તમે હૃદયકેન્દ્ર તરફ ખેંચાઈ જાવ. આ પ્રમાણે તે બહારથી ધક્કો મારે છે અને અંદરથી ખેંચે છે. જેથી તમે હૃદયકેન્દ્ર પર દૃઢ થઈ જાઓ.

* દત્તાત્રેયે ચોવીસ ગુરુ કર્યા હતા. જળ, અગ્નિ, પ્રાણીઓ, મનુષ્યો-વિશ્વનું કોઈપણ સ્વરૂપ તેમને માટે ગુરુ હતું. તેમણે કહ્યું હતું, ‘કેટલાકે જે સારું હતું તેને સ્વીકારવાનું શીખવાડ્યું અને બીજાએ જે નરસું હતું તેને ત્યાગવાનું શીખવાડ્યું.’

* શાસ્ત્રો ગમે તેટલાં વિશાળ અને પ્રભાવક હોય, તોપણ તે પરિણામકારી નીવડતાં નથી, જ્યારે ગુરુનું મૌન એના કરતાં વધારે વિશાળ અને પ્રભાવક છે.

❊ આપણી પાસે જે નથી એવું કંઈ ગુરુ આપશે નહિ. જે આપણે પહેલેથી પ્રાપ્ત નથી કર્યું એવું કંઈ આપણને પ્રાપ્ત થવું અશક્ય છે. કદાચ આપણને એવું કંઈ મળી પણ આવે તો તે જેવું આવ્યું છે તેવું જતું રહેશે.

❊ પહેલાં તો વ્યક્તિ એવું વિચારે કે પોતે લઘુ છે અને જે પોતાની તેમજ જગતની નિયતિ પર નિયંત્રણ ધરાવે છે તે પ્રભુ સર્વજ્ઞ, સર્વોત્તમ અને સર્વશક્તિમાન છે. પછી તે પ્રભુની પૂજા, આરાધના કે ભક્તિ કરશે, જ્યારે તે અમુક ચોક્કસ કક્ષાએ પહોંચશે ત્યારે તે જાગૃતિ માટે અધિકારી બનશે અને એ જ ઈશ્વર કે જેને તે આરાધે છે તે ગુરુ તરીકે આવી તેને દોરશે. તે ગુરુ પણ તેને એટલું જ કહેશે, ‘ઈશ્વર તારી ભીતર જ વસે છે, ભીતર ઝાંખ અને પ્રતીત કર.’

❊ ભક્ત કે શિષ્યને જ્ઞાન પ્રાપ્ત થતાં સમજાય છે કે ‘ઈશ્વર’ કે જેની તે ભક્તિ કરતો હતો તે ‘ગુરુ’ કે જે માનવસ્વરૂપે પ્રગટ્યા તે અને પોતાનો ‘આત્મા’—આ સર્વ એક જ છે.

❊ જ્યારે મનુષ્ય સ્વત્વ વીસરી, પ્રભુમય બની, સંપૂર્ણ શરણાગતિ સિદ્ધ કરે ત્યારે ઈશ્વર, મનુષ્ય રૂપધારી ગુરુ તરીકે આવી એના ભક્તને શીખવે છે કે, ‘આત્મા એક જ છે અને તે એની ભીતર છે.’

❊ ગુરુ શિષ્યને પોતાની પસંદગીના રસ્તે જવાની છૂટ આપે છે. તેને તે બળજબરીથી બીજા રસ્તા પર લાવવા કોશિશ નથી કરતો. પહેલાં તો તે શિષ્ય સાથે શિષ્યના રસ્તા પર જ જશે અને યોગ્ય ક્ષણે ઉત્તમ માર્ગ તરફ ધીમેથી તેને વાળી દેશે. નહિ તો કોઈ મોટર બેફામ ગતિએ પૂરપાટ જતી હોય ત્યારે તેને એકદમ અટકાવવા કે બીજે વાળવા જઈએ તો તેનું પરિણામ



બહુ ભયંકર આવે.

❊ શિષ્ય પ્રબુદ્ધ થતાં જ ગુરુને કહેશે, ‘મારા બધા જ અગણિત જન્મોમાં મારા અંતઃસ્તલમાં એક સત્ય તરીકે રહેલા આપને મેં અનુભવ્યા છે. હવે આપ મારી સન્મુખ પ્રગટ્યા છો અને મારા અજ્ઞાનનું આવરણ દૂર કર્યું છે. આવી મહાન કરુણાનો બદલો હું કેમ કરીને વાળીશ ?’ ગુરુ કહેશે, ‘તમારે કંઈ જ કરવાની જરૂર નથી. તમે તમારા સાચા સ્વરૂપમાં જેમ છો તેમ રહો એટલે બસ.’ આ જ ગુરુનું સાચું સ્વરૂપ છે.

❊ ઈશ્વર, ગુરુ અને આત્મા એક જ છે.

❊ પોતાના ગુરુની અનુપસ્થિતિમાં માણસ બીજા ગુરુ પાસે જઈ શકે. બધા ગુરુ એક જ છે, કારણ કે એ કોઈ આકૃતિ કે દેહ નથી, પણ ગુરુની સ્થૂળ કરતાં માનસિક સંગત હંમેશાં શ્રેષ્ઠ હોય.

❊ ગુરુની કૃપા આકાશમાં અધ્ધર રહેલી કોઈ દૂરાતિદૂર વસ્તુ નથી કે ત્યાં સુધી તમારે પહોંચવું પડે. એ વસ્તુતઃ તો તમારા અંતઃસ્તલમાં, તમારા હૃદયમાં જ છે. જે ક્ષણ તમારું મન મૂળ સાથે તદાકાર થઈ જશે ત્યારે ગુરુની કૃપા તમારી ભીતરથી જ અંતર્ઝરાની જેમ ફૂટશે.

❊ ગુરુ એક એવી વ્યક્તિ છે, જે સદા આત્માના ઊંડાણમાં અધિષ્ઠિત છે.

❊ ભક્ત એમ ધારે છે કે પોતે દેહધારી છે અને બે ભૌતિક દેહો વચ્ચે સંબંધની અપેક્ષા રાખે છે, પરંતુ ગુરુ તો ઈશ્વર કે મૂર્તિમંત આત્મા છે એટલે અંદરથી કાર્ય કરે છે, ભક્તને એના માર્ગની ભૂલ શોધવામાં મદદ કરે છે અને તે હૃદયસ્થ આત્માનો સાક્ષાત્કાર ન કરે ત્યાં સુધી તેને સત્ય માર્ગે દોરે છે.

* શિષ્ય ગુરુનું શરણ લે છે, એનો અર્થ એ કે તેનામાં અહમ્‌નો અંશ સુધ્ધાં રહ્યો નથી.

* ગુરુ અન્યને આપી શકે એવા ઉચ્ચતમ કલ્યાણ અને સુખશાંતિમાંથી જન્મે છે. જ્યારે અંતરાય ન હોય ત્યારે જ શાંતિ છવાઈ રહે છે અને અંતરાય મનમાં ઊભા થતા વિચારોને કારણે જન્મે છે. મન નિઃશેષ થતાં સંપૂર્ણ શાંતિ પ્રસરી રહે છે.

* જ્યાં સુધી મનુષ્ય મનોનાશ સાધે નહિ, ત્યાં સુધી તે શાંતિ મેળવી શકે નહિ અને સુખી થઈ શકે નહિ. પોતે સુખી ન હોય તો તે બીજાઓને સુખ આપી શકે નહિ, પરંતુ જે ઋષિએ મનોનાશ કર્યો છે તેને માટે કોઈ 'બીજું' નથી, એથી એની આત્માનુભૂતિ બીજાઓને સુખી બનાવવા માટે પર્યાપ્ત છે.

* ગુરુ પ્રત્યેનો સમર્પણભાવ પ્રત્યેક ધર્મના ગહન સત્ય તરફ દોરી લઈ જાય છે અને આત્મખોજ સર્વધર્મના અંતિમ ગહન સત્ય તરફ લઈ જાય છે.

* તમે કદાચ ગુરુને ત્યજી દેશો, પણ ગુરુ તમને ક્યારેય નહિ જવા દે.

* જેણે ગુરુની કૃપા જીતી છે તેને નિઃશંક બચાવી લેવાશે. જેમ વાઘના જડબામાં પકડાયેલ શિકાર છટકી શકતો નથી તેમ તે કદી ત્યજાશે નહિ.

* સાક્ષાત્કાર, ઉપદેશ, વ્યાખ્યાનો, ધ્યાન વગેરે કરતાં ગુરુની કૃપા વધારે અસરકારક પરિણામ સિદ્ધ કરી શકે છે. બીજું બધું ગૌણ છે, જ્યારે આ પ્રથમ અને મૂળભૂત કારણ છે.

* બે કામ કરો : પહેલાં તમારી બહાર રહેલા ગુરુને શોધી કાઢો, પછી ભીતરના ગુરુને શોધો.



* ગુરુનો પ્રભાવ તેના નિકટના શિષ્યો જ નહિ, વિશ્વના તમામ લોકો અનુભવી શકે છે.

* ગુરુ શિષ્યને દર્શન, સ્પર્શ અને વિચાર દ્વારા દીક્ષા આપે છે, પણ આ ત્રણેમાં વિચાર દ્વારા અપાતી દીક્ષા શ્રેષ્ઠ છે.

* ગુરુ મૌન દ્વારા કાર્ય કરે છે, બોલવાથી એમની શક્તિ ક્ષીણ થાય છે. મૌન સૌથી વધારે અસરકારક છે એટલે ગુરુનો માનસિક સંપર્ક સૌથી શ્રેષ્ઠ છે.

* ગુરુ કોઈ ભૌતિક રૂપ નથી એટલે એમના દેહવિલય પછી પણ એમની સાથેનો સંપર્ક જળવાઈ રહે છે.

* ગુરુ દરેકને પોતાની સમજણ અને સમર્પણના પ્રમાણમાં તેમજ તેના સ્વભાવ મુજબ સહાય કરે છે.

* ગુરુ અવિદ્યાનો રોગ દૂર કરવાની કોઈ દવા નથી. એ કેવળ દર્દીની મૂળભૂત આરોગ્યાવસ્થા પુનઃ પ્રાપ્ત કરાવી આપે છે.

* તમે પ્રાપ્ત પ્રકાશ સાથે કાર્ય કર્યા કરશો તો તમારા ગુરુને તમે પામશો કારણ કે એ તમને શોધતા જ હશે.

* નિર્બળ મન ગુરુના રૂપમાં વધારે સામર્થ્ય શોધે છે.

* શિષ્ય કે ભક્ત પાછળ નરકમાં જવું પડે તો ત્યાં પણ ગુરુ જાય છે અને તેને છોડાવીને લઈ આવે છે.

* ગુરુ માત્ર આત્માને જોતો હોવાથી તેની દૃષ્ટિએ ગુરુ-શિષ્યનો ભેદ નથી, પરંતુ શિષ્યની દૃષ્ટિએ ગુરુમાં સંપૂર્ણ શ્રદ્ધા રાખીને સમર્પણ જરૂરનું બને છે.

* તમે તમારા સ્વ-સ્વરૂપમાં રહો એ જ સંત, જ્ઞાની કે ગુરુની મોટામાં મોટી સેવા છે.

⁕ ગુરુને ધરાવાતી ભેટો માછલીને પકડવા માટે આંકડા પર ભેરવવામાં આવતા ખાદ્યપદાર્થ જેવી છે. માછલી પકડનાર માછલીઓને ખવડાવવા નહિ, પણ તેમને આરોગવા-ખાવા આતુર હોય છે.

⁕ દીક્ષા માટે ગુરુ વ્યક્તિરૂપે ખોજવાના હોય તો એ ગુરુ ન હોય. ગુરુ તો દક્ષિણામૂર્તિ જેવા હોય. એમણે શું કર્યું ? એ મૌન હતા. શિષ્ય એમની સામે આવ્યો. એમણે શાંતિ જાળવી. શિષ્યની શંકાઓ નિર્મૂળ થઈ ગઈ. શિષ્યે એની અલગ પિછાન ગુમાવી દીધી. એ દીક્ષા કે જ્ઞાન. નહિ કોઈ ઠાઠ, ભપકો કે દેખાવ !

⁕ ગુરુનું મૌન દીક્ષાનું સર્વોત્તમ રૂપ છે, કારણ કે મૌન અત્યંત સમર્થ વક્તવ્ય છે. શાંતિ પ્રવૃત્તિનું મહત્તમ રૂપ છે. મનુષ્ય તેના સ્વ-સ્વરૂપમાં રહે તો તેના આત્માની સઘળી ક્ષમતા પ્રગટે છે. આવી રીતે કોઈપણ વ્યક્તિની અંતઃક્ષમતાને ક્રિયાશીલ થવા આહ્‌વાન આપી શકાય એ ઉચ્ચતમ સિદ્ધિ છે.

⁕ જ્યાં સુધી 'લઘુ' છે ત્યાં સુધી 'ગુરુ' આવશ્યક. લઘુ મન ઊભી કરેલી ખોટી મર્યાદાઓને કારણે હોય છે. ઈશ્વરની ભક્તિ કરવાથી એ ભક્તને સ્થિરતા બક્ષે છે. ઈશ્વર ગુરુ તરીકે પ્રગટી એની કરુણા દર્શાવે છે અને કહે છે, 'ઈશ્વર તારામાં છે અને તે તારો આત્મા છે.'

**–સંકલન**

**(શ્રી રમણ મહર્ષિનાં વચનામૃત)**



# ॥ સંતોની પરિપક્વતા ॥

કોઈ માણસને તમે Mature કહો તો ઉપર ઉપરના સ્તરે એમ કહી શકાય કે જીવનમાં વિવિધ પ્રકારની અનુભૂતિઓ લઈને ઘડાયેલો, પકવ થયેલો મનુષ્ય; જે કોઈથી છેતરાય નહિ, સામા માણસની ચાલબાજી સમજી શકે, જાણી શકે, જે ચતુર હોય તે. પરંતુ હું જે Maturity ની વાત કહું છું. તે ઘણી ગહન ગંભીર અને ઊંડી વાત છે. અનુભૂતિઓના નિચોડરૂપે મસ્તકમાં સંઘરાયેલી સ્મૃતિ રૂપે જે છે તેની આ વાત નથી. આ તો અત્યંત મૌલિક છે. સ્થૂળ ભૌતિક સ્વરૂપની વાત નથી. એ તો મનની પરેની, જેને મન સાથે કોઈ નિસ્તબત નથી એની વાત છે. એ તો અંતરયાત્રામાંથી સાંપડેલી સૌરભ, સાંપડેલું સૌંદર્ય, સાંપડેલા પ્રેમની વાત છે. એ વ્યક્તિના ગુણદોષથી તોલાતી પકવતા નથી. એનો એક દાખલો આપું. એક ચોર હતો. બે ત્રણ જગાએ ચોરી કરીને એક સામાન્ય કુટીરમાં ચોરી કરવા ઘૂસ્યો. એ Great Masterની કુટીર હતી. એમાં હોય તો પણ શું હોય ? ગાઢ અંધકાર હતો. એ અંધકારમાં ચીજ વસ્તુ શોધવા માટે ફંફોસી રહ્યો હતો. ત્યાં જ સંત હાથમાં મીણબત્તી લઈને આવ્યા, કહેવા લાગ્યા કે, 'તું અંધકારમાં શું શોધી રહ્યો છે ? હું પણ અહીં કેટલાયે વખતથી શોધી રહ્યો છું પણ મને ય કાંઈ મળતું નથી. ચાલ આપણે બંને સાથે મળીને શોધીએ.' ચોર કહેવા લાગ્યો કે, 'હું તો ચોર છું.' સંતે કહ્યું; 'અરે તું કોઈ પણ હોય. દરેકને કાંઈને કાંઈ બનવું જ પડે છે. કાંઈ કરવું જ પડે છે. એની સાથે મારે કોઈ નિસ્બત નથી.' કુટીરમાં ચોરવા જેવું તો કાંઈ હતું જ

નહિ. ચોર તો ઉતાવળમાં હતો. બહાર ચોરેલી વસ્તુનું પોટલું મૂક્યું જ હતું. સંત પાસે એક કામળો હતો. બહાર ખૂબ ઠંડી હતી. સંતે એ ઓઢ્યો હતો. એમણે કહ્યું કે, 'લે તું આ લેતો જા. બહાર જઈશ તો તને ઠંડી લાગશે. આપણે બંને ભાગીદાર છીએ. મિત્રો છીએ. તું પણ શોધે છે અને હું પણ શોધું છું.' કામળો આપવાથી સંત તો દિગંબર અવસ્થામાં આવી ગયા. એમણે કહ્યું, 'ચાલ આપણે બન્ને ભાગીદાર છીએ.' હું પણ તારી સાથે જ આવી જઉં છું, ચોર કહેવા લાગ્યો કે, 'ના, તમે અહીં જ રોકાવ.' ચોરને તો પોતાનો પરિવાર-પત્ની બાળકો હતાં. એને થયું કે, આ દિગમ્બર મારી સાથે આવશે તો તો ઉપાધિ થઈ જશે. ચોરને સંતના વ્યવહારથી ઘણું આશ્ચર્ય થયું. એની સાથે કોઈ પણ મનુષ્યે આવો વ્યવહાર કર્યો નહોતો. એ તો કામળો લઈને બહાર નીકળ્યો. સંતે હાક મારી. હાકમાં એવી શક્તિ હતી કે, એ હાકને ટાળી શક્યો નહિ. પાછો આવ્યો. સંતે કહ્યું કે, કામળો આપ્યો તે તો બરાબર છે. સર્વસ્વ લૂંટાવ્યું એ બરાબર છે. પરંતુ તું સામાન્ય સભ્યતા વિસરી જાય એ નહિ ચલાવી લઉં. તું આવ્યો ત્યારે દરવાજો બંધ હતો. તો દરવાજો બંધ કર. અને તને કામળો આપ્યો છે તો કહે કે, 'તમારો આભાર.' એ અવાજમાં એટલી શક્તિ હતી કે ચોર મંત્રમુગ્ધ બની ગયો. જેમ સંતે કહ્યું તેમ જ કર્યું. ચાલ્યો ગયો. થોડા દિવસો પછી એ ચોર પકડાયો. એને પૂછવામાં આવ્યું કે આ વિસ્તારમાં તું કોઈને ઓળખે છે ? એમનું નામ દે. થોડો વખત તો એ વિચારમાં પડી ગયો. પછી કહ્યું કે હા, ઓળખું છું. એણે સંતનું નામ દીધું. સંતને બોલાવવામાં આવ્યા. પૂછ્યું કે, 'તમે આને ઓળખો છો ?'



સંતે કહ્યું; 'હા, આ તો મારો મિત્ર છે. ભાગીદાર છે.' સંતની ખ્યાતિ જબરજસ્ત હતી. ચોરીનો આરોપ મૂકનારાને કહેવામાં આવ્યું કે, 'તમે આ માણસના સો ગુના કહેશો તો પણ સંતનું સર્ટિફીકેટ છે એટલે અમે માન્ય રાખીશું નહિ, ચોરને છોડી દીધો.' ચોર તો સંતની પાછળ પાછળ આવ્યો. કહેવા લાગ્યો કે, 'તમે તો મારું જડમૂળથી પરિવર્તન કરી નાખ્યું. મારું રૂપાંતર કર્યું. તમારી પાસે મનુષ્યને પલટવાનો કીમિયો છે. હું તમારા જેવો જ બનવા માગું છું. તમે મને જીવનદાન આપ્યું છે. હવે તો હું તમારા ચરણોમાં છું. હવે તો હું તમારા હાથનું સાધન માત્ર છું. તમે જેમ ચલાવશો તેમ ચાલીશ.'

સંતોમાં જે પરિપક્વતા છે તેમાં જીવનની મૌલિકતા છે. જીવનમાંથી પ્રગટેલું એ પુષ્પ છે. એ અનુભવોમાંથી સાંપડેલી સમજ નથી. એમનું જીવન અત્યંત સરળ હોય છે. એમને જે કહેવામાં આવે છે તે માની લઈને જ એની સાથે વ્યવહાર કરે છે.

જે માનસિક સારવારની પદ્ધતિઓ છે એને ભૂલેચૂકે અધ્યાત્મ માનશો નહિ. અધ્યાત્મ સાથે એને કોઈ લેવોદેવા નથી. જે આ સારવાર આપે છે એની ઊર્જા ખરચાય છે. એટલે આપનારો મનુષ્ય શિથિલ બની જાય છે. સારવાર લેનારા એના આદતી બની જાય છે. અત્યારે સારવાર આપનારા મોટા ગુરુ બની બેઠા છે. પરંતુ એમાં ઊંડાણ નથી. ઉપરના જ છબછબિયાં છે. એટલે એમની વાણીમાં લોકોને પલટવાની તાકાત નથી.'

**—વિમલા ઠકાર**

# ॥ આપણું ધન : 'આરાધન' ॥

## (પૂ.શ્રી'મા'ની શિષ્યદક્ષિણા)

આજે તા.૧૩ ઑગસ્ટના 'ગુરુપૂર્ણિમા'ના 'વિશેષ પ્રસાદ' તરીકે 'આરાધન' આલ્બમમાં પોતાના મૌનના મહાસાગરના 'પાંચ અણમોલ મોતી' શિષ્યદક્ષિણારૂપે પૂ.શ્રી'મા' સર્વેશ્વરીએ 'સ્વર્ગદ્વાર' ઍપ પર પ્રકાશિત કરી, આપણ સર્વને ધન્ય કર્યાં છે.

કહેવાય છે કે 'કવિને બે નહિ, ત્રણ નેત્રોનું વરદાન મળેલું હોય છે. આ ત્રીજું નેત્ર તે પ્રતિભાનેત્ર.' પૂ.શ્રી'મા'ની બધી જ રચનાઓ આ 'ત્રીજા નેત્રની પ્રસાદીરૂપ' છે. તેથી જ એ સ્વયંભૂ, દિવ્ય, અલૌકિક હોવાની સાથે જ સાહજિક, સરલ અને સ્વયંસ્ફૂર્ત હોય છે. એનું અવતરણ રાગબદ્ધ રચનારૂપે જ સીધું હોવાથી કોઈપણ સંગીતજ્ઞને એનું સ્વરાંકન કરવું સુગમ થઈ પડે છે. તેથી પૂ.શ્રી'મા'ની પદપ્રસાદી પરમ પ્રદેશના અનહદ નાદમાંથી આવિર્ભૂત થઈ, સ્વર્ગીય સંગીતની અનુભૂતિ ધરતીલોકનાં બાળકોને કરાવે છે.

આમ તો પૂ.શ્રી'મા'નું પ્રત્યેક પદ પ્રભુનાં શ્રીચરણે જ નૈવેદ્યરૂપ હોય છે પણ એનો પ્રસાદ બાળકોમાં વહેંચી તેઓશ્રી આનંદલહાણ કરે છે.

આ 'આરાધન' આલ્બમમાં પૂ.શ્રી'મા'નાં પાંચ પદો સંચિત છે :

(૧) હે રસેશ્વર !

(૨) અમે તો ગુરુના ઘરમાં રમીએ

(૩) ગુરુચરણમાં મસ્તક નમાવી



(૪) અમોને ગુરુએ બાથમાં લીધાં

(૫) મૌન કરી દો.

'આરાધન'માં પ્રસ્તુત પ્રત્યેક પદના શબ્દ, પ્રત્યેક સ્વર કેવળ શ્રવણેન્દ્રિયને જ નહિ, સમગ્ર સંવિત્‌ને સ્પર્શી, આતમલોકના ઉજાસમાં આપણને લઈ જઈ, સ્વયં કૃતાર્થ થાય છે અને આપણને કૃતાર્થ કરે છે.

'અર્ઘ્ય' અને 'અંજલિ'ના (૧૯૮૧, ૧૯૮૩ના) બે કાવ્યસંગ્રહ પ્રકાશિત થયા પછી, ૩૯ વર્ષ બાદ, ૨૦૨૨માં કેવળ 'પાંચ પદોનું પંચામૃત' 'આરાધન' આલ્બમરૂપે આપણને શ્રી આલાપ દેસાઈ અને શ્રી દેવકી પંડિતના સુમધુર કંઠે સ્વરબદ્ધ-સ્વરૂપે પ્રાપ્ત થાય છે. આ સૌજન્ય શ્રી દેવાંગ તેમજ શ્રી અર્પિતાના પ્રેમપ્રસાદરૂપે છે; એ મોરનું એક ઑર પિચ્છ બની પૂ.શ્રી'મા'ના આ પવિત્ર નજરાણાને ઑર રમણીય બનાવી રહે છે.

આવો, આજના શુભ પર્વે 'આરાધન'ને, પરમ પ્રેમમયી'મા'ના આ પ્રેમધનને પ્રેમથી વધાવીએ અને પૂ.શ્રી'મા'ના દિવ્ય-પવિત્ર શબ્દસર્જનમાં ભળી એકરસ થઈ ગયેલી પ્રસિદ્ધ સંગીતકાર શ્રી આલાપ દેસાઈની સંગીતની સૂરાવલિ તેમજ રસિક શ્રોતાજનોની પ્રીતિને રણઝણતી અનુભવી ધન્ય બનીએ.

શબ્દ, સ્વર, સૂરના આ દિવ્ય-અલૌકિક અર્ણવમાં ડૂબકી લગાવી સંગીતમગ્ન, પ્રભુમગ્ન રહી, પ્રસન્ન બનીએ.

**—શ્રી અર્પિતા જોશી**

# ॥ 'સ્વર્ગારોહણ'માં દૂધ અભિષેકનું મંગલ પર્વ ॥

'● જીવતા દેવોને સેવો ઓ ભાઈ મારા
● પાણી ચઢાવો છોને મંદિરભાઈ,
● તરસ્યાના પ્રાણને પલાળો;
● આરસના ઊભાં મંદિર કરો ભલેને
● માનવની મહેલાતો બનાવો..ઓ ભાઈ મારા જીવતા દેવને સેવો.
● ઓ ભાઈ મારા જીવતા દેવને સેવો.'

ગુરુદેવ પ્રભુ શ્રી યોગેશ્વરજીએ પોતાનાં પ્રાણવાન સાહિત્યમાં અને જીવનમાં માનવધર્મને મહત્ત્વનું સ્થાન આપ્યું છે. ઉપરોક્ત પદપંક્તિઓ તેઓના 'પ્રસાદ' કાવ્યસંગ્રહની છે. તેમણે માનવમંદિરોનાં સર્જન અને સંવર્ધનને વિશેષ પ્રાધાન્ય આપ્યું છે.

આ અતિસંવેદનશીલ આત્મદર્શી મહાપુરુષની સંકલ્પભૂમિ એટલે 'સ્વર્ગારોહણ' તીર્થ. જ્યાં તેઓએ સ્થાપેલા 'સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ'ના ઉપક્રમે પૂ.શ્રી'મા'ના માર્ગદર્શન તળે ગરીબ, નિ:સહાય અને શ્રમજીવીઓને સહાયાર્થે અવિરત દાનયજ્ઞ, સેવાયજ્ઞની શીતળ ગંગા વહ્યા જ કરે છે.

ઉનાળાની ભારે ગરમીમાં જેમ 'છાશવિતરણ' યજ્ઞ આયોજાય તેમ આ ૧૩/૭/૨૦૨૨ના ગુરુપૂર્ણિમા પર્વે સવિશેષ રૂપે 'દૂધ અભિષેક' પર્વનો પ્રારંભ થયો. 'સ્વર્ગારોહણ'ના દ્વાર પાસેથી રોજ વહેલી સવારે માથે લાકડાનો ભારો મૂકી ઘણી શ્રમજીવી આદિવાસી બહેનો પસાર થાય. અંબાજી ગામમાં તે ભારો વેચી તેની આવકમાંથી એક દૂધની થેલી તેમજ અન્ય જરૂરી સામગ્રી ખરીદે. પૂ.શ્રી'મા'ને આ વાત અને તેમની જરૂરિયાત ધ્યાને આવી ને વહેલી તકે 'દુગ્ધાભિષેક સેવા સત્કર્મ પર્વ'ની મંગલ યોજના શ્રીરાજુભાઈ જાનીએ કરેલા શ્રમિક બહેનોની આવશ્યકતાઓના અભ્યાસથી આકાર પામી. ટ્રસ્ટમાં સૌ ભક્તોના નાનકડા સહયોગને પણ સ્થાન મળ્યું. અને ગુરુપૂર્ણિમા પર્વે પૂ.શ્રી'મા' જેને પૂર્ણ 'મા' કહે છે તે દિને પ્રાતઃકાળે ૧૨૫ બહેનોને ૩૩ દિવસ સુધી રોજ ૫૦૦ ગ્રામની એક થેલી દૂધ અને



બુંદીનું પૅકેટ/બિસ્કીટ(પ્રસાદ) તરીકે આપવાનું નક્કી થયું. આ સત્કર્મના શ્રીગણેશ હંમેશની જેમ સૌ પ્રથમ પૂ.શ્રી'મા'એ જ પોતે ૧૧૦૦૦ રૂ. નોંધાવી કર્યા.

કૃપાળુ 'મા'ની સૂઝ, સમજણ ને અનુકંપા અતુલનીય છે. 'સ્વર્ગારોહણ'ના દસ સ્વજનોના આશીર્વાદની પૂ.શ્રી'મા' નોંધ લે છે : (૧) શ્રી નારાયણભાઈ જાની (ભાવનગર) (૨) શ્રી તારાબેન (પૂ.શ્રીના બહેન-અમદાવાદ) (૩) શ્રી નારણદાસ ભક્ત (મહુવા) (૪) શ્રી જીવીબહેન (ખેડબ્રહ્મા) (૫) શ્રી બાબુભાઈ વ્હોરા (અમદાવાદ) (૬) શ્રી વિષ્ણુભાઈ (વિશુભાઈ-મુંબઈ) જાની (૭) શ્રી મૂળશંકરભાઈ જાની (વડોદરા) (૮) શ્રી ટી.જી.ભટ્ટ સાહેબ (સુરત) (૯) શ્રી હરિભાઈ ભોજાણી (મોરબી) (૧૦) શ્રી ઈશ્વરભાઈ ભક્ત (પરમાર્થી-કર્પૂરવન)—આ સ્વજનો ગુરુદેવ પ્રભુ શ્રી યોગેશ્વરજી પ્રભુમાં અપાર શ્રદ્ધા-ભક્તિ-પ્રેમ ધરાવતા. તેમજ સર્વમંગલ ટ્રસ્ટના સર્વ કાર્યોમાં પોતપોતાનું આગવું યોગદાન ધરતા તેવા ભક્ત સેવકોનું પુણ્યસ્મરણ કરી પૂ.શ્રી'મા' પરમ હેતથી 'દૂધ અભિષેક' પર્વનો પ્રારંભ કરે છે.

પૂ.શ્રી'મા' જ એક એવાં પરમદિવ્ય સ્વજન છે જે કદી કોઈને જ ભૂલતાં નથી. ચાહે આપણે પૃથ્વી પર હોઈએ કે દિવંગત ! 'મા'ના સ્મરણપટ પરથી આપણે ક્યારેય લુપ્ત થતાં નથી. એ જ સાચો આશ્રય ને આધાર છે જેના અંકે પ્રત્યેક જીવને નિરાંત છે.

'ૐ યોગેશ્વરાય નમઃ' ગાન સાથે પાંચ પ્રણામ થાય છે ને 'ૐ યોગેશ્વર રક્ષમામ્ મા સર્વેશ્વરી પાહિમામ્' ધૂનના મધુરગાનની ગુંજ સાથે ૧૨૫ બહેનો (આદિવાસી શ્રમજીવી) દૂધ-બુંદીનો પ્રસાદ પૂ.શ્રી'મા'ના વરદહસ્તે પામે છે.

આ રીતે શિવજી પર પારંપારિક રીતે કરાતા દૂધના અભિષેકનું રૂપાંતર જરૂરિયાતમંદોને દૂધ તેમજ પ્રસાદની મોટી મદદ કરી, હાશ ધરી આત્મસંતોષનો નવીન અભિષેક આધુનિક ઢબે થયો જે સર્વથા આવકાર્ય છે. ને પ્રભુજીનું પદ સ્વાભાવિક જ સ્મરણથી ઝંકૃત કરી દે 'જીવતા દેવોને સેવો ઓ ભાઈ મારા.' એ વાત અહીં સાર્થક થાય છે. 'સ્વર્ગારોહણ' પૂ.શ્રી યોગેશ્વરજી અને પૂ.શ્રી'મા'ના આદર્શોને શ્વસે છે. તે પ્રત્યક્ષ જોવા મળ્યું. એક નવી-સાચી સમજ મેળવી ધન્ય થવાયું.

**—શ્રી અર્પિતા જોશી**

# ॥ 'સ્વર્ગારોહણ'નાં પ્રત્યગ્ન(તાજાં) પુષ્પો ॥

## (પૂ.શ્રી'મા'ના સત્સંગની અમૃતધારા)

આ 'મા'ની સાધનાની મથામણમાં એક જ ઈચ્છા હોય કે, પ્રભુનાં દર્શન પ્રત્યક્ષ થાય. આ દેહમાં છીએ એટલે તેને પણ છોડવાનો તો છે જ પણ શબરીની જેમ છૂટે તો કેવું સરસ !

પોતાનામાં જ રહેલા અગ્નિતત્ત્વને પ્રદીપ્ત કરી લેવાનું-કેવી ઊંચી અવસ્થા ! શબરી યોગાગ્નિથી તનને ત્યજી પછી પ્રભુપદવિલીન બની.

*

બધા ગ્રંથો ને પંથો ભક્તિ ને પ્રેમ જગાડવા જ સ્થપાયા છે. રામકૃષ્ણદેવ કહે છે : 'એક પોસ્ટકાર્ડ આવ્યું કે આ વસ્તુ લાવજો. પછી પત્રનું કામ નથી. તેને જે વસ્તુ લાવવાની છે તે લઈ લેવાની ગ્રંથો ક્યાં સુધી ? જાણી લીધું કે 'જપો' તો પ્રભુ મળે. તો જપવા માંડો. એટલે અહીં તો એક જ પવિત્ર વેપાર ચાલ્યો ! ૨૪ કરોડ જપ નોંધાયા છે. ૨૬ કરી લેવાની ગણતરી છે. ૧૩ કરોડ જપનો મહિમા છે તો આપણે કોર્ટમાં પાછા જવું ના પડે. હજી દોઢ કરોડ જપ બાકી છે. દેહ તો છોડવાનો જ છે. છોડીને પ્રભુ સામે જવાનું છે. પ્રશ્નો પૂછાશે તો ઉન્નત મસ્તકે જવાબ આપવા સજ્જ થઈશું. લો પ્રભુ, તેર નહિ પણ છવ્વીસ. બીજું શું જોઈએ છે ?' આવી ખુમારી સાથે જપયાત્રા ચાલુ રહી છે.

*

પ્રભુ કાંઈ સસ્તા થોડા છે ? તો વળી રસ્તામાં પણ થોડા ઊભા હોય ? રસ્તે ચાલનારને પ્રભુ મળે ને વસ્ત્રમાં શાલ ઓઢે એટલે પ્રભુ થોડા બની જવાય ? પરમતત્ત્વ કંઈ ભાજીમૂળા જેવું નથી કે વાડામાં નીકળ્યા ને ચૂંટી લીધા. આ તો વર્ષોથી પ્રભુ મથામણ કરાવે છે. તો એકધારી મથામણ ચાલે છે. ભિખારી ઘરઘરે ફરે ત્યારે ચપટી ચોખા પામે. અહીં પણ વર્ષો સુધી મથીએ તો વળી ચપટી કંઈક મળે. ના મળે એવું પણ નથી. 'મથે તે જ પામે.'

*

આ ગુરુપૂર્ણિમાએ પૂ.શ્રી'મા'એ એમના લાક્ષણિક અંદાઝમાં પૂછ્યું : 'ગુરુપૂર્ણિમાનું પર્વ છે તો ગુરુ માટે શું શું લાવ્યાં છો ?' જપ, તપ, શ્રદ્ધા ભક્તિ ?

પૂજ્યશ્રીએ જ કહ્યું છે : 'પ્રેમનું નાણું ને શ્રદ્ધાનું શ્રીફળ.' શ્રદ્ધા



અને પ્રેમનું નાણું જ સાચા સંતો માગે છે. અમારી પણ તમને સૌને હાથ જોડીને એક જ પ્રાર્થના છે કે, આપણે એક જ સમર્થ સંત શ્રી યોગેશ્વરજીનાં ચરણમાં હિમાલય જેવી દૃઢ શ્રદ્ધા રાખવાની છે. જો આપણી ગાડી ફ્લેગ સ્ટેશને ઊતરી પડે તો સમય અને જીવન બગડે. એટલે આ આત્મદર્શી મહાપુરુષ જ આપણું જંક્શન છે. આપણી જીવનગાડી ત્યાં જ પહોંચાડવાની છે.

લોભી, લાલચુ, કહેવાતા વેશધારી ફ્લેગ સ્ટેશનોથી રક્ષાયેલાં રહેવાનું છે.

*

છાશવારે જેમ જન્મ આપનારી માતા નથી બદલતા તેમ ગુરુ ઉપરની શ્રદ્ધા પણ બીજે ક્યાંય ન જાય. મહારાષ્ટ્રના એક સંત સરસ વાત કરે છે : છોકરો સંસારના વિષયવસ્તુ માટે કુવામાં કૂદકો મારવા તૈયાર થાય તો બાપા એને મારીને પણ બચાવી લે, પાછો લઈ આવે.

*

આપણે બે વર્ષ પછી 'સ્વર્ગારોહણ'માં ગુરુપૂર્ણિમાપર્વે ભેગાં થયા છીએ. બે વર્ષમાં આપણી શ્રદ્ધા વેરવિખેર થઈ કે બમણી થઈ ? તે આપણે જ આપણને પૂછવાનું છે. ગુરુપૂર્ણિમાએ અહીં શ્રદ્ધાથી મસ્તક નમાવી, તમારો ભાવ જ અર્પણ કરજો. વસ્તુ, વસ્ત્રો, પૈસાની જરૂર નથી. પૂજ્યશ્રીએ જીવનમાં એનું કદી જાહેરમાં, ઘરમાં કે ખાનગીમાં માગ્યું નથી. શ્રી નારાયણભાઈ જાની એના સતત સાક્ષી હતા. અયાચકવ્રતધારી આપણા ગુરુદેવને આપણે પવિત્ર, નિસ્વાર્થ પ્રેમ જ કરવાનો છે. 'મા' વારેવારે એક જ વાત ગુરુપૂર્ણિમાએ તમારી પાસે માગે છે. 'પ્રકાશપંથ'ના સમર્થ મહાપુરુષના શ્રીચરણે સ્થિર થાવ. સ્થિર થાવ. સ્થિર થાવ. જ્યાં ત્યાં ફ્લેગસ્ટેશને ઊતરીને આ મહાપુરુષને પ્રહાર કરવાનું બંધ કરો.

*

સૌની શ્રદ્ધા-ભક્તિની રક્ષા થાય એવી પ્રાર્થના 'મા' કરે છે. અને કરાવતાં પણ રહે છે. કેવા સમર્થ મહાપુરુષ છે આપણા સૌના ! ને આપણે બધાં ભૂલી જઈએ છીએ. એક જ ઈષ્ટ, એક જ ગુરુ, એક જ મંત્ર ને એકનાં જ શ્રીચરણે પ્રણામ ! એકની જ આરતી ને એકની જ પૂજા. એ મહાપુરુષની જીવનલીલા જ લીલામૃતમાં ગાઈએ છીએ.

*

'દેહને તેવું દેવને !' આપણે જે ફૂલોનો ભાર કલાકો સુધી ના પહેરીને ફરીએ તો આ બન્ને વિભૂતિઓને (પૂ.શ્રી યોગેશ્વરજી-પૂ.શ્રી માતાજી) પણ જરા હળવી કરવી પડે. 'સ્વર્ગારોહણ' સંકલ્પભૂમિ પૂજ્યશ્રીની એટલે 'મા'ને આ બધું સંભાળવું પડે. નહિ તો એકાંતે

પલાંઠી ઉત્તમ. 'મા' બનવું સહેલું નથી. એક માતાને બે બાળકોને સંભાળવાં અઘરાં લાગે છે તો અહીં તો પૂજ્યશ્રીના નામે શ્રદ્ધા-ભક્તિ ધરાવનારાં બાળકોને, પૂજ્યશ્રીનાં બાળકોને 'મા' બનીને સંભાળવાં કે સાંભળવાં એ તપ બહુ અઘરું છે. 'મા' 'મા'ને જ કહ્યા કરે છે : 'તું માતનું પદ સંભાળી લે, તોફાની બાળને સંભાળી લે.'

*

કાળદેવતાની ગણતરી કરીએ આપણને તે રોજરોજ તેડી રહ્યો છે. સમય કાઢીને સત્સંગમાં 'સ્વર્ગારોહણ' આવતા રહેજો.

અમારી સંપત જ તમે બધાં છો. અમે તો ગઈકાલ સવારથી આજ સવાર સુધીમાં કરોડપતિ થઈ ગયા છીએ. તમે બધાં ગુરુદેવની સંપત છો. તમારા દરેક પગલાની આ તીર્થભૂમિ રાહ જોયા કરે છે. આ તીર્થદેવ તમને આવકારવા યુગોથી ઊભા છે. તમે બધાં પ્રવેશો ને પ્રણામ કરો છો; તે અમે દૂરથી જોતા રહીએ છીએ પણ તમે કોઈ ગુરુદેવને પૂછતા જ નથી કે પ્રભુ, તમારા પગ નથી દુઃખતા ? ઘડીક તો બેસો. જોકે ગુરુદેવ પ્રભુનો જવાબ એવો હશે કે હું તો બધા જ મંદિરોમાં ઊભો જ છું. મારા ભક્તો બૂમ પાડે ને જો હું બેઠો હોઉં કે સૂતો હોઉં તો ઊઠીને દોડવામાં મોડું થઈ જાય. એના કરતાં ઊભો છું એ બરાબર છે.

*

આજે ગુરુપૂનમ છે. દેવાંગ-અર્પિતાએ સરસ પ્રસાદ મોકલ્યો છે. વિદેશમાં રહીને પણ અહીંના પર્વો ને અહીંના ભક્તોને યાદ કરીને પ્રસાદ મોકલે છે. દેવાંગ-અર્પિતાનો પ્રસાદ 'આરાધન' આલ્બમસ્વરૂપે પામીએ; જેમાં પાંચ પદ-પકવાનનો થાળ છે. જે 'સ્વર્ગદ્વાર' એપમાં ઘરબેઠાં સાંભળી શકાશે.

*

'સર્વમંગલ' ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તરફથી આજે બધાંને પ્રસાદ મળશે. પ્રસાદના બોક્ષમાં દ્રાક્ષ વધુ ભરી છે-આપણે બધાં મધુર બનીએ માટે ! એટલે એ પ્રસાદ સૌ જાતે જ લે. પ્રભુ પાસે 'પ્રસાદ ને ૫૦ રૂ.' મૂક્યા છે, માત્ર પ્રભુને પ્રણામ કરીને તે લઈને જગ્યા પર બેસી જજો. આપણે તો ગુરુદેવના ચરણની રજ થવાને પણ લાયક નથી. પ્રણામને પાત્ર પ્રભુ જ છે. કૃપા કરીને કોઈ 'મા' પાસે, 'મા'ને પ્રણામ કરવા ના આવતા.

આજે તરલાબહેને મન-અંતરને સ્પર્શી જાય તેવી વાતો કરી. આજનો આખો વાર્તાલાપ એક વિશેષ લેખ તરીકે 'અધ્યાત્મ'માં આપીએ એટલે વાર્તાલાપનું નવનીત આપણને અક્ષરરૂપે પણ ઘરેઘરે મળશે.

*



ફક્ત એક જ વાત મા કહે છે : 'હે પ્રભુ ! તમારા ચરણે હિમાલય જેવી શ્રદ્ધા આપો. દૃઢ શ્રદ્ધા, અડગ શ્રદ્ધા, વિપત્તિમાં પણ ના ડગે તેવી શ્રદ્ધા. અમે તો જનમોજનમ આપનાં જ ચરણોમાં રહીએ એવી પ્રાર્થના છે.'

*

સાચા સદ્ગુરુ કદી ભક્તો-સ્વજનો પાસે ભૌતિક વસ્તુ માગતા નથી. આ તો તમે પર્વને નિમિત્તે આવો એટલો વખત તો સંસાર કપાય. એવી ગણતરી 'મા' કરે છે. એટલો સમય તો સુધરે. મન સ્થિર રહે, આજે સૌ કુટિયામાં પ્રણામ કરી, શ્રદ્ધાનું જ ભાથું બાંધજો. સૌ પાછાં પ્રેમથી પધારજો.

મસુરીની પૂજ્યશ્રી દ્વારા અનુગ્રહિત એક સ્કૂલ 'સરસ્વતી શિશુમંદિર'માં એક સત્કર્મ કરવા ૧૫-૧૭ ભાઈઓ આજે મસુરી જવા રવાના થશે. ત્યાંના ૮૦૦ વિદ્યાર્થીઓને ટુવાલ, છત્રી, પેન, મીઠાઈ તેમજ ફરસાણનો પ્રસાદ 'ગુરુપૂર્ણિમા' નિમત્તે અપાશે. એટલે અહીં જે આજે દસ સ્વજનોની સ્મૃતિમાં 'દૂધ-અભિષેક'નું જે સત્કર્મ શરૂ થયું એ તો એક મહિનો ચાલશે. પણ મસુરીમાંય એક સત્કર્મ ટ્રસ્ટ તરફથી થશે.

*

આ 'સ્વર્ગારોહણ' સાધનાની ભૂમિ છે, સત્કર્મની ભૂમિ છે, અરે ! પવિત્ર પ્રેમભક્તિની ભૂમિ છે. એ યાદ રહે.

*

આ બે વરસે કેટલાક તો હૉસ્પિટલની હવા ખાઈને આવ્યા. કેટલાક કોરોનાથી રક્ષાયા. કેટલાક ગબડતા બચી ગયા. કેટલાક ઠોકર ખાતા આવ્યા. કેટલાક ધૂળમાં રમીને આવ્યા. કેટલાક લોહીલુહાણ થઈને આવ્યા. કેટલાક રડતા આવ્યા.

શાસ્ત્રો અને સંતો એવું કહે છે કે, 'ગંગાજળમાં એવી શક્તિ છે કે એ માનવનાં તન-મનને પવિત્ર કરે છે.' અમે કોરોનાકાળ પછી લગભગ ત્રણ માસ ગંગાઅંકે રહ્યાં. તો ગંગાજળ લાવ્યાં. આજે સૌ ઉપર ગંગાજળનો છંટકાવ કરી, આપણાં દૂષિત થયેલા મનને નવડાવીએ. ગંગાજળને તો વૈજ્ઞાનિકો, વેદો અને સંતો પણ વધાવે છે.

આ ગંગાજળના સ્પર્શ પછી પાછાં ધૂળે ભરેલાં ના મળતાં. શ્રદ્ધા-ભક્તિ સાથે, પ્રેમ સાથે ફરી ફરી પધારજો. મા રાહ જોશે.

સૌને ખૂબ ખૂબ શુભેચ્છાઓ. સૌ માટે 'મા' પ્રભુને પ્રાર્થના કરે કે, 'સૌની શ્રદ્ધા સ્થિર રહો.'

—સંકલન